" બુધવારની સાપ્તાહિક પૂર્તિ "
ઉત્સવ

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-09 | Issue-313 | AD-2026, Shravan Sud-07 | Wednesday, Dt. 19-08-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### ગાયોને બચાવવાના પ્રયાસમાં પીકઅપ ટ્રક સાથે અથડાઈ, મજૂરો પોતાના વતન જઈ રહ્યાં હતાં

# મધ્યપ્રદેશમાં ગમખ્વાર અકસ્માતમાં ૮નાં મોત, ૨૩ ઘાયલ

ભોપાલ, તા.૧૮

મધ્યપ્રદેશના ભિંડ જિલ્લામાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૭૧૯ પર ગોહદ ચૌરાહા પોલીસ સ્ટેશન વિસ્તારમાં છિમકા ગામ નજીક મોડી રાત્રે લોડિંગ વાહન અને ટ્રક વચ્ચે થયેલા ભયાનક અકસ્માતમાં આઠ લોકોનાં મોત થયા છે, જ્યારે ૨૨ લોકો ઘાયલ થયા છે. અકસ્માત બાદ ઘટનાસ્થળે અફરાતફરી મચી ગઈ હતી. પોલીસ અને સ્થાનિક લોકોની મદદથી ઘાયલોને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા.

મળતી માહિતી મુજબ, ઉત્તર પ્રદેશના લખીમપુર ખીરી જિલ્લાના પચગવાં તથા આસપાસનાં ગામોના મજૂરો ગ્વાલિયર જિલ્લાના ડબરા નજીક ચિનોર ગામમાં ડાંગર રોપણીનું કામ પૂર્ણ કરીને લોડિંગ વાહનમાં પોતાના વતન પરત ફરી રહ્યા હતા. દરમિયાન રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૭૧૯ પર છિમકા ગામ નજીક મધરાતે આશરે ૧૨ વાગ્યે તેમનું લોડિંગ વાહન સામેથી આવી રહેલા ટ્રક સાથે અથડાયું હતું. પ્રાથમિક માહિતી અનુસાર, રસ્તા પર બેઠેલી ગાયોને બચાવવાના પ્રયાસ દરમિયાન આ અકસ્માત સર્જાયો હતો. બંને વાહનોની ઝડપ વધુ હોવાને કારણે ટક્કર અત્યંત જોરદાર બની હતી. અકસ્માતમાં લોડિંગ વાહનમાં સવાર પાંચ લોકોનાં ઘટનાસ્થળે જ મોત થયા હતા. ટક્કર એટલી ભયાનક હતી કે લોડિંગ વાહનનો આગળનો ભાગ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો. અકસ્માતની જાણ થતાં ગોહદ ચૌરાહા



પોલીસ સ્ટેશનના પ્રભારી રામનરેશ યાદવ પોલીસ દળ સાથે ઘટનાસ્થળે પહોંચ્યા હતા. સ્થાનિક રહેવાસીઓની મદદથી પોલીસકર્મીઓએ વાહનમાં ફસાયેલા લોકોને બહાર કાઢ્યા હતા અને તાત્કાલિક એમ્બ્યુલન્સ સેવા માટે જાણ કરી હતી. ડાયલ-૧૦૮ એમ્બ્યુલન્સના ઈન્ચાર્જ પ્રભાંશુ દુબેએ ઘટનાની ગંભીરતા જોતા પાંચ એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે મોકલી હતી. ત્યારબાદ ઘાયલોને ડાયલ-૧૧૨ના વાહનો અને ૧૦૮ એમ્બ્યુલન્સની મદદથી ગોહદ આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવ્યા હતા. ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોને વધુ સારવાર માટે ગ્વાલિયર રિફર કરવામાં આવ્યા હતા. તેમાંથી ત્રણ લોકોનાં રસ્તામાં જ મોત થયા હતા. અકસ્મતમાં ઘાયલ થયેલા કેટલાક મજૂરોની હાલત હજુ પણ ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. પોલીસ દ્વારા અકસ્માતના ચોક્કસ કારણની તપાસ કરવામાં આવી રહી છે. અકસ્માતમાં સામેલ બંને વાહનોની સ્થિતિ અને ચાલકોની ભૂમિકા અંગે પણ તપાસ હાથ ધરાઈ છે. મધ્યપ્રદેશમાં માર્ગ અકસ્માતોની ઘટનાઓ વચ્ચે આ અકસ્માતે ફરી એકવાર રાત્રિના સમયે હાઈવે પર વાહનચાલકોની સાવચેતી અને રસ્તા પર રખડતાં પશુઓની સમસ્યા અંગે સવાલો ઊભા કર્યા છે. અગાઉ શુક્રવારે મોડી રાત્રે રતલામ જિલ્લામાં મુંબઈ-દિલ્હી એક્સપ્રેસવે પર થયેલા અકસ્માતમાં પણ ચાર લોકોનાં મોત અને પાંચ લોકો ઘાયલ થયા હતા. પોલીસ અકસ્માતના કારણની વિગતવાર તપાસ કરી રહી છે. અગાઉ, શુક્રવારે મોડી રાત્રે રતલામ જિલ્લામાં મુંબઈ-દિલ્હી એક્સપ્રેસ વે પર થયેલા માર્ગ અકસ્માતમાં ચાર લોકોના મોત થયા હતા. આ અકસ્માતમાં પાંચ લોકો ઘાયલ પણ થયા હતા.

# ભારત-નેપાળ સરહદ વિવાદના ઉકેલ માટે આજથી બે દિવસ ઉચ્ચ સ્તરીય બેઠક યોજાશે

દેહરાદૂન, તા.૧૮

ભારત અને નેપાળ વચ્ચેના સરહદી વિવાદો તથા લિપુલેખ પાસ મારફતે વેપારના મુદ્દે ચર્ચા કરવા બંને દેશોના ઉચ્ચ અધિકારીઓની બે દિવસીય બેઠક દેહરાદૂનમાં યોજાશે. ૧૯ અને ૨૦ ઓગસ્ટના રોજ યોજાનારી આ બેઠકમાં બંને દેશો વચ્ચેના તણાવપૂર્ણ મુદ્દાઓના ઉકેલ માટે ચર્ચા થવાની શક્યતા છે. ભારતના ગૃહ મંત્રાલયના અધિકારીઓની ટીમ બેઠકમાં ભાગ લેવા દેહરાદૂન પહોંચી છે. ટીમમાં કેટલાક વિદેશ સેવા અધિકારીઓ પણ સામેલ હોવાની



શક્યતા છે. બીજી તરફ, નેપાળના અધિકારીઓનું પ્રતિનિધિમંડળ પણ વાટાઘાટો માટે દેહરાદૂન પહોંચશે. બેઠકમાં સરહદી વિવાદો ઉકેલવા ઉપરાંત બંને દેશો વચ્ચે પરસ્પર વિશ્વાસ વધારવાના પ્રયાસો અંગે ચર્ચા થશે. આ બેઠક ભારતીય સેના પ્રમુખ જનરલ ધીરજ સેઠની ૧૭થી ૧૯ ઓગસ્ટ દરમિયાનની નેપાળ મુલાકાતની વચ્ચે યોજાઈ રહી છે. તેમની મુલાકાત દરમિયાન બંને દેશોના સંરક્ષણ સંબંધોને વધુ મજબૂત બનાવવા તેમજ વર્ષો જૂના સાંસ્કૃતિક સંબંધોને આગળ વધારવા અંગે ચર્ચા થઈ રહી છે. અગાઉ ૧૪ ઓગસ્ટે લખનૌમાં બંને દેશોના અધિકારીઓની બેઠક યોજાઈ હતી. તેમાં સરહદી વિવાદોના ઉકેલ માટે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવા અંગે સહમતિ બની હતી. બંને દેશોમાં વહેતી નદીઓના પ્રવાહમાં થતા કુદરતી ફેરફારોને કારણે કેટલીકવાર સરહદી મતભેદો ઊભા થાય છે. દરમિયાન, નેપાળે ભારત સાથે લિપુલેખ પાસ મારફતે વેપાર અંગે પણ વાંધો વ્યક્ત કર્યો છે. ભારત અને ચીન દ્વારા લિપુલેખ પાસ મારફતે વેપાર વધારવાના નિર્ણય બાદ આ મુદ્દો વધુ ચર્ચામાં આવ્યો છે. નેપાળના વિવાદાસ્પદ નકશાને લઈને પણ અગાઉ બંને દેશો વચ્ચે તણાવ સર્જાયો હતો. હવે દેહરાદૂનની બેઠકમાં આ તમામ મુદ્દાઓ પર ચર્ચા કરીને વ્યવહારુ ઉકેલ શોધવાનો પ્રયાસ કરવામાં આવશે.

# કર્ણાટક KPSC ગેરરીતી મામલે EDના ભૂતપૂર્વ ચેરમેનના નિવાસસ્થાન સહિત ૨૧ સ્થળોએ દરોડા

બેંગલુરુ, તા.૧૮

કર્ણાટક પબ્લિક સર્વિસ કમિશન (KPSC)ની પશુચિકિત્સા અધિકારી ભરતી પરીક્ષામાં કથિત ગેરરીતિ અને મની લોન્ડરિંગના કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ મંગળવારે મોટી કાર્યવાહી હાથ ધરી હતી. EDની ટીમોએ કર્ણાટક અને ગુજરાતમાં કુલ ૨૧ સ્થળોએ દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહી દરમિયાન સસ્પેન્ડેડ KPSC ચેરમેન શિવશંકરપ્પા એસ. સાહુકર, KPSC સભ્ય શાંતા હોસામણિ તથા કથિત વચેટિયાઓના નિવાસસ્થાન અને




કાર્યાલયોની તપાસ કરવામાં આવી હતી. આ ઉપરાંત બેંગલુરુ સ્થિત KPSC કચેરી, પરીક્ષાના પેપરના ડિજિટલ મૂલ્યાંકન સાથે સંકળાયેલી એજ્યુટેસ્ટ સોલ્યુશન્સની ઓફિસ તેમજ પશુચિકિત્સા અધિકારી તરીકે પસંદ થયેલા કેટલાક ઉમેદવારોના પરિસરોમાં પણ સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું. ઈડીના જણાવ્યા અનુસાર, આ દરોડા પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ નોંધાયેલા કેસના સંદર્ભમાં કરવામાં આવ્યા છે.

બેંગલુરુ પોલીસ દ્વારા નોંધાયેલી ચાર FIRના આધારે તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે. આરોપ છે કે કેટલાક વચેટિયાઓએ ઉમેદવારોનો સંપર્ક કરી પસંદગી કરાવવા માટે પ્રતિ ઉમેદવાર રૂ. ૭૦થી ૮૦ લાખની લાંચ માંગી હતી. ફરિયાદીએ પોલીસને કથિત વચેટિયાઓ સાથેની વાતચીતના ઓડિયો રેકોર્ડિંગ પણ સોંપ્યા હોવાનું જાણવા મળ્યું છે. ED હવે પેપર લીક, OMR ઉત્તરપત્રોમાં છેડછાડ તથા અંતિમ પસંદગી પ્રક્રિયામાં KPSC અધિકારીઓના સંબંધીઓની કથિત સંડોવણી અંગે પણ તપાસ કરી રહી છે. જુલાઈમાં રાજ્યપાલ થાવરચંદ ગેહલોતે સાહુકરને તેમની બે પુત્રીઓને ઔદ્યોગિક વિસ્તરણ અધિકારી તરીકે ગેરકાયદેસર રીતે પસંદ કરવામાં મદદ કરવાના આરોપસર સસ્પેન્ડ કર્યા હતા.

### ઈરાન કટોકટી, મોંઘું ઈંધણ, નબળો રૂપિયો અને અલ નીનોની અસરથી વિકાસદર પર અસર

# આગામી વર્ષે ભારતનો GDP વૃદ્ધિદર ઘટવાની સંભાવના

નવી દિલ્હી, તા.૧૮

ભારતીય અર્થતંત્ર માટે બાહ્ય પડકારો વધતાં આગામી નાણાકીય વર્ષમાં GDP વૃદ્ધિદર ધીમો પડવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ઈન્ડિયા રેટિંગ્સ એન્ડ રિસર્ચએ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં ભારતનો GDP વૃદ્ધિદર ૬.૮ ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ભારતનો આર્થિક વિકાસદર ૭.૬ ટકા રહ્યો હતો.





Ind-Raએ મે ૨૦૨૬માં FY27 માટે GDP વૃદ્ધિદર ૬.૭ ટકા રહેવાનો અંદાજ મૂક્યો હતો, જેને હવે વધારીને ૬.૮ ટકા કરવામાં આવ્યો છે. બીજી તરફ, ભારતીય રિઝર્વ બેંક (RBI) એ પણ તાજેતરમાં પોતાનો અંદાજ ૬.૬ ટકાથી વધારીને ૬.૭ ટકા કર્યો છે. જોકે, પશ્ચિમ એશિયામાં ચાલી રહેલી કટોકટી, ઈંધણ અને ખાદ્ય ફુગાવો, નબળો રૂપિયો તથા કૃષિ ક્ષેત્ર પર અલ નીનોની સંભવિત અસરને કારણે જોખમ યથાવત્ છે. રેટિંગ એજન્સીના અનુમાન મુજબ FY27માં ક્રૂડ ઓઈલનો સરેરાશ ભાવ પ્રતિ બેરલ ૮૫ ડોલર આસપાસ રહી શકે છે. જૂન ક્વાર્ટરમાં ભારતીય ક્રૂડ ઓઈલ બાસ્કેટનો સરેરાશ ભાવ ૧૦૧.૩૧ ડોલર પ્રતિ બેરલ હતો. જો પશ્ચિમ એશિયાની કટોકટીના કારણે ક્રૂડના ભાવમાં વધારો થાય તો ઈંધણ ફુગાવો વધી શકે છે, જે આર્થિક વૃદ્ધિને અસર કરી શકે છે. Ind-Raએ FY27માં ડોલર સામે રૂપિયો સરેરાશ ૯૩.૯૮ રહેવાનો અંદાજ મૂક્યો છે. એજન્સીના મતે રૂપિયો વાર્ષિક ધોરણે આશરે ૬.૪ ટકા નબળો પડી શકે છે. અલ નીનોના કારણે કૃષિ ઉત્પાદન પર અસર થવાની શક્યતા હોવાથી ખાદ્ય ફુગાવામાં પણ વધારો થઈ શકે છે. એજન્સીએ FY27માં છૂટક ફુગાવો સરેરાશ ૪.૯ ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો છે. ચાલુ ખાતાની ખાધ GDPના ૦.૬ ટકાથી વધીને ૧.૫ ટકા થઈ શકે છે. જોકે, ભારતને FY27 દરમિયાન વિદેશી મૂડી પ્રવાહ અને વિદેશી કંપનીઓ પાસેથી આશરે ૭૦ અબજ ડોલરની લોન મળવાની અપેક્ષા છે.

# ગુજરાત ભાજપના પ્રભારીની જવાબદારી તરૂણ ચુગને સોંપાઈ


નવી દિલ્હી,તા.૧૮

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નિતિન નવીને મંગળવારે ઉત્તર પ્રદેશ, પંજાબ અને ગુજરાત માટે નવા રાજ્ય પ્રભારી અને સહ-પ્રભારીઓની નિમણૂક કરી છે. ઉત્તર પ્રદેશમાં વિનોદ તાવડેને પ્રભારી જ્યારે જગદીશ ઈશ્વરભાઈ પટેલને સહ-પ્રભારી બનાવવામાં આવ્યા છે. પંજાબની જવાબદારી સતીશ પૂનિયાને સોંપવામાં આવી છે. જ્યારે ગુજરાતનો હવાલો તરુણ ચુગને આપવામાં આવ્યો છે. મહત્વનું છે કે ભાજપ અધ્યક્ષે સોમવારે જ પોતાની નવી ટીમની જાહેરાત કરી હતી. નવી ટીમમાં કુલ ૬૫ પદાધિકારીઓની જાહેરાત કરવામાં આવી હતી.









સંજોગ ન્યૂઝ
# આપણું અમરેલી
બુધવાર, તા.૧૯-૦૮-૨૦૨૬


## જાફરાબાદમાં SMCનો જુગારધામ પર દરોડો, ૧૫ શખ્સો ઝડપાયા

અમરેલી,તા.૧૮



અમરેલી જિલ્લાના જાફરાબાદ શહેરના વાપળીયા વિસ્તારમાં ચાલતા જુગારધામ પર ગાંધીનગર સ્ટેટ મોનીટરીંગ સેલ (SMC)ની ટીમે દરોડો પાડી ૧૫ શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. દરોડાની કાર્યવાહી દરમિયાન પોલીસે રોકડ રકમ, મોબાઈલ ફોન અને ત્રણ મોટરસાયકલ સહિત કુલ રૂ.૩,૨૮,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ગુજરાત સ્ટેટ મોનીટરીંગ સેલના પીઆઈ આર.કે. કરમટાને મળેલી ચોક્કસ બાતમીના આધારે ટીમે વાપળીયા વિસ્તારમાં ચંદ્રકાંત ઉર્ફે ચંદુ રામજીભાઈ બારૈયાના મકાનની દીવાલ પાસે આવેલી ખુલ્લી પડતર જમીનમાં અચાનક દરોડો પાડ્યો હતો. પોલીસે સ્થળ પરથી જુગાર રમતા ૧૫ શખ્સોને ઝડપી લીધા હતા. દરોડા દરમિયાન રૂ.૧,૬૧,૬૦૦ રોકડ, રૂ૬૬,૦૦૦ની કિંમતના ૧૩ મોબાઈલ ફોન અને રૂ.૧ લાખની કિંમતની ત્રણ મોટરસાયકલ મળી કુલ રૂ.૩,૨૮,૬૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત જુગાર રમવા માટે ઉપયોગમાં લેવાતું પ્લાસ્ટિકનું મીણિયું અને ચટાઈ સહિતનો સામાન પણ પોલીસે જપ્ત કર્યો હતો. ઝડપાયેલા તમામ ૧૫ શખ્સો સામે જાફરાબાદ પોલીસ સ્ટેશનમાં જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. SMCની આ કાર્યવાહીને પગલે જાફરાબાદ પંથકમાં ચકચાર મચી ગઈ છે.

## જાફરાબાદ પંથકમાં સગીરા સાથે દુષ્કર્મ આચરી ગર્ભપાત કરાવનાર નરાધમ ઝડપાયો

જાફરાબાદ,તા.૧૮



જાફરાબાદ તાલુકામાં સગીરા સાથે વારંવાર દુષ્કર્મ ગુજારી ગર્ભવતી બનાવી ગર્ભપાત કરાવવાની ગંભીર ઘટના સામે આવી છે. સગીરાના પરિવારે બે દિવસ પહેલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી મુખ્ય આરોપી અલ્પેશ વાઘેલાની ધરપકડ કરી જેલ હવાલે કર્યો છે. મળતી માહિતી મુજબ, તાલુકાના એક ગામની વાડી વિસ્તારમાં આરોપીએ સગીરા સાથે વારંવાર શારીરિક શોષણ કર્યું હતું. સગીરા ગર્ભવતી બનતા તેનો ગર્ભપાત કરાવ્યાનો આરોપ છે. ઉપરાંત, આ બાબતે કોઈને જાણ કરશે તો જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનું પણ ફરિયાદમાં જણાવાયું છે. ઘટનાને લઈને સમગ્ર પંથકમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

## સાવરકુંડલામાં શ્રાવણના પ્રથમ સોમવારે શિવભક્તિનો માહોલ

સાવરકુંડલા,તા.૧૮



સાવરકુંડલા શહેર અને તાલુકામાં શ્રાવણ માસના પ્રથમ સોમવારે શિવભક્તિનો માહોલ જોવા મળ્યો હતો. વહેલી સવારથી કલ્યાણેશ્વર મહાદેવ, મુક્તેશ્વર મહાદેવ, રિધ્ધિ-સિધ્ધિનાથ મહાદેવ, હાટકેશ્વર મહાદેવ સહિતના શિવાલયોમાં ભક્તોની ભીડ જોવા મળી હતી. ભક્તોએ શિવલિંગ પર જળાભિષેક અને દુગ્ધાભિષેક કરી પૂજા-અર્ચના કરી હતી. મંદિરોમાં 'હર હર મહાદેવ' અને 'ૐ નમઃ શિવાય'ના જયઘોષથી વાતાવરણ શિવમય બની ગયું હતું. ભક્તોએ પરિવારની સુખ-શાંતિ, સમૃદ્ધિ અને સર્વના કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી.

## અમરેલી જિ.પં.માં બાંધકામ સમિતિના ચેરમેન પ્રકાશ પાનસુરીયાની વરણીને આવકાર

અમરેલી,તા.૧૮



અમરેલી જિલ્લા પંચાયત ખાતે જાહેર બાંધકામ સમિતિના ચેરમેન તરીકે પ્રકાશભાઈ પાનસુરીયાની નિમણૂક થતાં ગુજરાત સરકારના મંત્રી કૌશિકભાઈ વેકરીયા, સાવરકુંડલા-લીલીયા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોડવડીયા, ઉપપ્રમુખ મહાવીરબાપુ તેમજ વિવિધ સમિતિના ચેરમેન અને અન્ય કાર્યકર્તાઓએ મુલાકાત લઈને શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે નવનિયુક્ત જાહેર બાંધકામ સમિતિના ચેરમેને તમામ મહાનુભાવોનો આભાર વ્યક્ત કર્યો હતો. પ્રકાશભાઈ પાનસુરીયાએ જણાવ્યું હતું કે, જિલ્લા પંચાયતની જવાબદારી મળવી એ મારા માટે ગૌરવની વાત છે અને સૌના સહયોગથી જિલ્લામાં જાહેર બાંધકામ ક્ષેત્રે વધુ સારા કામો થાય તે માટે પ્રયત્નશીલ રહીશ.

## વાવેરા ગ્રામ પંચાયત દ્વારા વિદ્યાર્થીઓ માટે એસ.ટી. બસનો સમય બદલવા રજૂઆત

અમરેલી,તા.૧૮

વાવેરા ગ્રામ પંચાયત દ્વારા ગામના વિદ્યાર્થીઓની મુશ્કેલીને લઈને એસ.ટી. વિભાગને રજૂઆત કરવામાં આવી છે. ગામમાંથી સાવરકુંડલા તરફ જતી એસ.ટી. બસના સમયમાં ફેરફાર કરવા માંગ કરવામાં આવી છે. હાલ બસના સમયના કારણે સ્કૂલ અને કોલેજમાં જતા વિદ્યાર્થીઓને સમયસર પહોંચવામાં મુશ્કેલી પડી રહી છે. સવારની બસનો સમય વિદ્યાર્થીઓ માટે અનુકૂળ ન હોવાથી તેમને અન્ય વાહનોનો સહારો લેવો પડે છે. આ બાબતે ગ્રામ પંચાયત દ્વારા બસનો સમય વિદ્યાર્થીઓને અનુકૂળ થાય તે રીતે રાખવા રજૂઆત કરવામાં આવી છે. વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં લઈ વહેલી તકે યોગ્ય નિર્ણય લઈ બસની સુવિધા નિયમિત કરવા માંગ કરવામાં આવી છે.

## સા.કુંડલાની શાળાના વિદ્યાર્થીઓએ અમરેલીમાં શસ્ત્ર પ્રદર્શન નિહાળ્યું

સાવરકુંડલા,તા.૧૮



સાવરકુંડલા શહેરની એમ.એલ. શેઠ સ્કૂલના વિદ્યાર્થીઓએ અમરેલી ખાતે યોજાયેલા શસ્ત્ર પ્રદર્શનની ઉત્સાહભેર મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓએ ભારતીય સુરક્ષા દળો અને પોલીસ દ્વારા ઉપયોગમાં લેવાતા વિવિધ આધુનિક શસ્ત્રો, રાઈફલો, રિવોલ્વર તથા સુરક્ષા સાધનો નિહાળ્યા હતા. અધિકારીઓએ વિદ્યાર્થીઓને શસ્ત્રોની કાર્યપધ્ધતિ અને દેશની સુરક્ષામાં તેમના મહત્વ વિશે માહિતી આપી હતી. વિદ્યાર્થીઓએ જિજ્ઞાસાપૂર્વક પ્રશ્નો પૂછી જ્ઞાન મેળવ્યું હતું. આચાર્ય અને શિક્ષકોએ પ્રવાસને સફળ ગણાવ્યો હતો.

## અમરેલી શ્રીજી વિદ્યાર્થી ભુવન ખાતે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

અમરેલી,તા.૧૮



શ્રીજી વિદ્યાર્થી ભુવનના બાળકોએ ૧૫ ઓગષ્ટના દિવસે વહેલી સવારે શિસ્તબધ્ધ રીતે ધ્વજવંદન કાર્યક્રમ યોજ્યો હતો. સંસ્થાના સિનિયર સિટીઝન કર્મચારી જયમલભાઈના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના સંચાલક દિપકભાઈ વઘાસિયાએ પ્રેરક પ્રવચન આપ્યું હતું. તેમણે ભારતની આઝાદી અને શહીદોના બલિદાનોને યાદ કર્યા હતા. ત્યારબાદ બાળકોને બસ દ્વારા અમરેલી ખાતે યોજાયેલા રાજ્યકક્ષાના કાર્યક્રમમાં લઈ જવામાં આવ્યા હતા. બાળકોએ પોલીસ પરેડ, વિવિધ કરતબો અને ધ્વજવંદન કાર્યક્રમ માણ્યો હતો.


**સંકુલ M.Pharm. કોલેજ – વેકેન્ટ સીટ પ્રવેશ**

પ્રથમ વર્ષ M.Pharm.(Pharmaceutics) અભ્યાસક્રમમાં
વર્ષ ૨૦૨૬ – ૨૭ વેકેન્ટ સીટ પ્રવેશ માટેનો કાર્યક્રમ

| ક્રમ | તારીખ | વિગત |
|---|---|---|
| ૧ | ૧૮/૦૮/૨૬થી ૨૪/૦૮/૨૬ | સંસ્થા ખાતે પ્રવેશ ફોર્મ ભરવાની કાર્યવાહી |
| ૨ | ૨૫/૦૮/૨૦૨૬ | મેરીટ લીસ્ટ નોટીસ બોર્ડ અને વેબસાઈટ પર પ્રસિદ્ધ |
| ૩ | ૨૬/૦૮/૨૦૨૬ | સંસ્થા ખાતે કાઉન્સીલીંગ વેકેન્ટ એડમીશન પ્રક્રિયા |

★ શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત ★
★ શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા ફાર્મસી મહિલા કોલેજ – અમરેલી ★
સ્થળઃ–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ અમરેલી
Ad 124


## અમરેલી જિલ્લામાં ગુરુ રવિદાસ જયંતિની ઉજવણી માટે આયોજન બેઠક મળી

અમરેલી,તા.૧૮



સંત શિરોમણી ગુરુ રવિદાસ મહારાજના ૬૫૦મા જયંતિવર્ષ નિમિત્તે ભારતીય જનતા પાર્ટી દ્વારા દેશભરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ગુરુ રવિદાસ મહારાજે સમાજના પીડિત, વંચિત અને ઉપેક્ષિત લોકોને સન્માન, આત્મવિશ્વાસ અને જીવનનો ધ્યેય આપ્યો હતો. તેમણે સમરસતા અને સામાજિક સુધારાનો માર્ગ બતાવ્યો હતો. તા. ૨૯ જુલાઈના રોજ વારાણસીના સીર ગોવર્ધનપુર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં તમામ રાજ્યોની ટુકડીઓને જન્મસ્થળની પવિત્ર માટીથી ભરેલા કળશ અર્પણ કરવામાં આવ્યા હતા. અમરેલી જિલ્લામાં આ પવિત્ર કળશનું આગેવાનો દ્વારા વાજતે-ગાજતે સ્વાગત કરી નાગદેવતા મંદિરમાં સ્થાપના અને પૂજન કરવામાં આવ્યું હતું. વર્ષભર ભજન, પ્રવચન અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે તથા કળશની ગામોગામ યાત્રા કાઢવામાં આવશે. આ અંગે અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે પ્રમુખ અતુલભાઈ કાનાણીની અધ્યક્ષતામાં તથા સંગઠન પ્રભારી અભયસિંહ ચૌહાણની ઉપસ્થિતિમાં આયોજન બેઠક યોજાઈ હતી.

## જિલ્લામાંથી પાંચ પ્યાસી પકડાયા

અમરેલી, તા.૧૮

અમરેલી જિલ્લામાંથી વિવિધ સ્થળેથી ૫ પ્યાસી પકડાયા હતા. સાવરકુંડલા, અમરપુર વરૂડી, પાણીયા, અમરેલી, મરીન પીપાવાવમાંથી એક-એક મળી પાંચ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા મળી આવ્યા હતા. અમરેલી બાયપાસ રોડ, શ્યામ સર્કલ પાસે રોડ ઉપરથી એક યુવક કેફી પીણું પીધેલી હાલતમાં ટુ વ્હીલર ચલાવતા ઝડપાયો હતો


|| શ્રી ગણેશાય નમઃ ||   || શ્રી ૧૧ ||   || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||

અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



**યમુના જવેલર્સ**
(અમરાપુર વાળા)

અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.

- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ

**અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.**

સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.

હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬



Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

**કારકેર સેન્ટર**
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com







## :: જાહેર નોટીસ ::

અમો રાકેશકુમાર સી. વઘાસીયા- એડવોકેટ બગસરા તે લગતા-વળગતા તથા જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ થકી જાણ કરી જણાવીએ છીએ કે, અમરેલી જીલ્લાના બગસરા તાલુકાના ખારી ગામના રેવન્યુ સર્વે નંબર ૧૫૦/૧ પૈકી ૧ની જુની શરતની નામે ''સીમાડાવાળું'' વાળી ખેડવાણ જમીન જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦-૮૦-૯૪ વાળી તે બાબરીયા દકુભાઈ ધીરૂભાઈની સ્વતંત્ર કબજા-ભોગવટા અને માલિકીની આવેલી છે અને તેમના સ્વતંત્ર નામે ખાતા નં. ૨૦૫ થી ગામ દફતરે ગામ નમુના નં.૮-અ મા નોંધાયેલ છે. તેમની પાસેથી અમારા અસીલ તેમની પાસેથી ખરીદ કરવા માંગે છે.

સબબ આથી આ જાહેર નોટીસ થકી લાગતા-વળગતા તેમજ હિત ધરાવતા તમામ તથા જાહેરજનતા જોગ આ જાહેર નોટીસ થકી જાણ કરવાની કે સદર હું મિલ્કત-ખેત જમીનો સંબંધે કોઈ વ્યક્તિ, સંસ્થા, પેઢી કે કોઈપણ વિગતે હક્ક, અધિકાર, રાઈટ્સ, માલિકી હોય કે આ આ મિલ્કત ઉપર અન્ય કોઈ પણ વ્યક્તિ, સંસ્થા કે બેન્કનું કરજ, લીયન, બોજો, લેણું, ધિરાણ, લોન કે ભરણ-પોષણ, વારસાઈ, ભાગીદારી કે ભાયુભાગ કે કોઈ સોદાખત, મુખત્યારનામું કે કોઈ પણ પ્રકારના અગ્ર હક્ક કે લખાણો હોય કે કબજા હક્ક હોય તો તે સંબંધે તેમના લેખિત આધાર પુરાવા સાથે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિવસ-૮(આઠ) મા નીચે જણાવેલ સરનામે જાણ કરવી અન્યથા મુદત વીત્યેથી સદર હું મિલ્કત પરત્વે કોઈનો કોઈપણ જાતનો વાંધો-તકરાર, હક્ક-હિસ્સો કે લાગભાગ નથી અને હોય તો પણ તે જતો (WAIVE) કરેલ છે તેમ માની લઈ ઉક્ત લખ્યા મિલકતોના માલિકોને ધોરણસરનો અવેજ ચૂકવી અમારા અસીલ સદર હું જમીનોનો ઉક્ત માલિકો અને કબ્જેદારો પાસેથી ધોરણસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ એક્ઝીક્યુટ કરાવી લેશે અને વિધિવત રીતે જમીનોનો કબજો મેળવી લેશે અને ત્યારબાદના કોઈ પણ વાંધા-તકરાર અમારા અસીલ કે તેમને ખરીદ કરેલ મિલકતને કોઈ પણ વિગતે બંધનકર્તા રહેશે નહી તેની આથી જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

બગસરા, તા.૧૮/૦૮/૨૦૨૬   અસીલોની સુચના અને ફરમાઈશથી

અમારા મારફતઃ
રાકેશકુમાર સી. વઘાસીયા
(એડવોકેટ) મો.૯૬૦૧૫ ૯૧૪૮૧, ૮૮૪૯૮ ૫૪૮૨૭
શ્રીજી ઝેરોક્ષ, મામલતદાર ઓફીસ સામે,રાધિકા પાનની બાજુમાં, બગસરા.

**જર્જરિત ભવન અને કરંટના ભય વચ્ચે ભૂલકાંઓનું ભવિષ્ય દાવ પર**

# અમરેલીની હનુમાનપરા પ્રાથમિક શાળામાં ભયના ઓથારે શિક્ષણ

**કમ્પાઉન્ડ વોલ કે ગેટ ન હોવો તેમજ ચોતરફ ગંદકીનું સામ્રાજ્ય**

અમરેલી,તા.૧૮

અમરેલી શહેરની હનુમાનપરા પ્રાથમિક શાળા શાસકોના શિક્ષણ મોડેલ અને કથિત વિકાસના દાવાઓ સામે ગંભીર સવાલો ઊભા કરી રહી છે. આટલા વર્ષોના દીર્ઘ શાસન છતાં શાળાની ભૌતિક સ્થિતિ અત્યંત દયનીય અને અતિશય ભયજનક તબક્કે પહોંચી ગઈ છે.

શાળાનું સમગ્ર બાંધકામ અત્યંત જીર્ણ અને જર્જરિત થઈ ગયું છે. બાલવાટિકાથી ધોરણ આઠ સુધીના વિદ્યાર્થીઓ માટે નવ વર્ગખંડો સામે માત્ર બે જ ઉપયોગી રૂમ હોવાથી નિર્દોષ બાળકોને ઓસરી કે





ભોજનાલયના રૂમમાં બેસીને અભ્યાસ કરવાની ફરજ પડી રહી છે. પૂરતી બેન્ચોના અભાવે અસંખ્ય ભૂલકાંઓ જમીન પર બેસવા મજબૂર બન્યા છે.વિદ્યુત ઉપકરણો ચાલુ કરતાં જ શાળાના મુખ્ય દરવાજા, રેલિંગ અને મકાનના વિવિધ ભાગોમાં કરંટ ઉતરવાની ગંભીર ફરિયાદ સામે આવતાં વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોના જીવ જોખમમાં મૂકાયા છે. આ ઉપરાંત ચોમાસામાં ગ્રાઉન્ડમાં પાણી ભરાવું, યોગ્ય કમ્પાઉન્ડ વોલ કે ગેટ ન હોવો તેમજ ચોતરફ ગંદકીનું સામ્રાજ્ય બાળકોના આરોગ્ય માટે ચિંતાજનક સ્થિતિ સર્જે છે. રાજ્યકક્ષાના ભવ્ય આયોજનો અને મહોત્સવો પાછળ તંત્ર દ્વારા કરોડો રૂપિયાનો આંધળો ખર્ચ કરવામાં આવે છે, પરંતુ પાયાની શિક્ષણ સુવિધાઓ પ્રત્યે દાખવવામાં આવતી ઘોર બેદરકારી અને નીતિવિષયક ઉદાસીનતા તંત્રની પોલ ખોલે છે. જો સત્વરે યોગ્ય સમારકામ હાથ ધરીને સલામત સુવિધાઓ પૂરી પાડવામાં નહીં આવે, તો કોઈ મોટી અને જાનલેવા હોનારત સર્જાવાની પૂરી ભીતિ સેવાઈ રહી છે. તેમ આપ પ્રમુખ નિકુંજ સાવલીયાએ જણાવ્યુ છે.

# સ્પા અને મસાજ પાર્લર માલિકોએ પોલીસને વિગતો આપવી પડશે

અમરેલી,તા.૧૮

અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સ્પા અને મસાજ પાર્લરના માલિકો અને સંચાલકોને પોલીસ સ્ટેશનમાં જરૂરી વિગતો આપવી ફરજિયાત કરવામાં આવી છે. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ ૧૬૩ હેઠળ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જેમાં માલિક, સંચાલક તથા કર્મચારીઓના નામ, સરનામા, મોબાઈલ નંબર, ફોટોગ્રાફ અને આધારકાર્ડ સહિતની વિગતો આપવાની રહેશે. સ્પા અને મસાજ પાર્લરમાં ૩૦ દિવસનું સીસીટીવી રેકોર્ડિંગ રહે તે રીતે કેમેરા લગાવવાના રહેશે. ગ્રાહકોના આઈડી પ્રૂફની નોંધ રજિસ્ટરમાં રાખવી પડશે. માલિકીના અથવા ભાડા કરારના પુરાવા પણ પોલીસને આપવા પડશે. હુકમનો ભંગ કરનાર સામે કાર્યવાહી કરાશે.

# અમરેલી બાર એસોસિએશન દ્વારા ડિસ્ટ્રીક્ટ જજનો વિદાય સમારંભ યોજાયો

અમરેલી,તા.૧૮

અમરેલી બાર એસોસિએશન ખાતે ડિસ્ટ્રિક્ટ જજ રીઝવાના બુખારીની ભાવનગર ખાતે બદલી થતાં વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. અમરેલીમાં અઢી વર્ષની તેમની કારકિર્દી દરમિયાન વકીલમિત્રો, મહિલા વકીલો તેમજ સમગ્ર ન્યાય પરિવાર સાથે તેમણે આત્મીય સંબંધો સ્થાપ્યા હતા, જે હંમેશા યાદગાર રહેશે.







વિદાય સમારંભ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોએ ડીસ્ટ્રીકટ જજ કુ. રીઝવાના બુખારીની કામગીરી અને સૌ સાથેના આત્મીય વ્યવહારને યાદ કરી શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે અમરેલીના જિલ્લા કલેક્ટર, જિલ્લા પોલીસ અધિક્ષક, જિલ્લા વિકાસ અધિકારી, ડેપ્યુટી કલેક્ટર, ડીવાયએસપી સહિતના અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. બાર એસોસિએશનના હોદ્દેદારો તથા વકીલમિત્રોએ પણ ઉપસ્થિત રહી ભાવભીની વિદાય આપી હતી. કાર્યક્રમ દરમિયાન સૌએ જજ બુખારીના ભાવનગર ખાતેના નવા કાર્યકાળ માટે શુભકામનાઓ પાઠવી હતી.

# અમરેલી ITI ખાતે આજે રોજગાર ભરતીમેળો

**અનુબંધમ પોર્ટલ પર નોંધણી કરાવ્યા બાદ ઉમેદવારો ભરતીમેળામાં ભાગ લઈ શકશે**

અમરેલી,તા.૧૮

અમરેલી જિલ્લા રોજગાર વિનિમય કચેરી અને ઔદ્યોગિક તાલીમ સંસ્થા (ITI), અમરેલીના સંયુક્ત ઉપક્રમે અનુબંધમ પોર્ટલના માધ્યમથી રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. ભરતીમેળો આજરોજ સવારે ૧૧ વાગ્યે ITI અમરેલી ખાતે યોજાશે.મેળામાં AWIGN ENTERPRISES દ્વારા સ્માર્ટ મીટર ટેક્નિશિયનની જગ્યાઓ માટે ૧૮થી ૪૫ વર્ષના ઉમેદવારોની ભરતી કરવામાં આવશે.

વાયરમેન અને ઈલેક્ટ્રિશિયન ITI લાયકાત ધરાવતા ઉમેદવારોને ફ્રેશર માટે રૂ.૨૨ હજાર અને અનુભવી ઉમેદવારોને રૂ.૨૫ હજાર સુધીનો પગાર મળશે.આ ઉપરાંત ITM EDUTECH દ્વારા સેલ્સ એક્ઝિક્યુટિવ અને રિલેશનશીપ મેનેજર તથા ALTA AUTO LINK દ્વારા વિવિધ જગ્યાઓ માટે ભરતી કરાશે.

રસ ધરાવતા ઉમેદવારોએ મૂળ પ્રમાણપત્રો, આધારકાર્ડ અને બાયોડેટા સાથે હાજર રહેવાનું રહેશે.ભરતીમાં ભાગ લેતા પહેલાં અનુબંધમ પોર્ટલ પર ઓનલાઈન નોંધણી કરાવવી ફરજિયાત છે. વધુ માહિતી માટે ૦૨૭૯૨-૨૨૩૩૯૪ પર સંપર્ક કરી શકાશે.

# જાહેરનામુ : મકાન ભાડે આપતા પહેલા પોલીસને જાણ કરવી ફરજિયાત

અમરેલી,તા.૧૮

અમરેલી જિલ્લામાં મકાન, દુકાન, ઔદ્યોગિક એકમ, ઓફિસ, ગોડાઉન, કોલ્ડ સ્ટોરેજ સહિતની જગ્યા ભાડે આપતા પહેલા માલિકે ભાડુઆતના આધાર પુરાવા મેળવી સંબંધિત પોલીસ સ્ટેશનમાં જાણ કરવી પડશે. માલિકે પોલીસ સ્ટેશનમાં નિયત નમૂનાનું ફોર્મ ભરી જરૂરી વિગતો આપવાની રહેશે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ ૧૬૩ હેઠળ આ જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. જાહેરનામાનો ભંગ કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૨૨૩ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આ હુકમનો અમલ સમગ્ર અમરેલી જિલ્લામાં ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી રહેશે.

# બે વર્ષથી ખાલી લીલીયા ગ્રા.પં.માં તલાટી મંત્રીઓની જગ્યા ભરવા માંગ

**દિન-૭મા ખાલી જગ્યાઓ ભરવા ઈન્ચાર્જ સરપંચની રજૂઆત**

લીલીયા,તા.૧૮

લીલીયા મોટા ગામમાં છેલ્લા બે વર્ષથી કાયમી તલાટી કમ મંત્રીની નિમણૂક કરવામાં ન આવતા ગ્રામજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આશરે ૧૦ હજારથી વધુ વસ્તી ધરાવતા તાલુકા કક્ષાના આ ગામમાં વેરા પહોંચ, આકારણી, રજા ચિઠ્ઠી સહિતના અનેક કામો માટે અરજદારોને રઝળપાટ કરવી પડે છે. ગ્રામજનો દ્વારા તાલુકા તેમજ જિલ્લા કક્ષાએ મૌખિક અને લેખિત રજૂઆતો કરવામાં આવી હોવા છતાં આજદિન સુધી કાયમી તલાટી કમ મંત્રીની નિમણૂક કરવામાં આવી નથી. લીલીયા ગામમાં મંજૂર થયેલા બે સેટઅપ મુજબ બે તલાટી કમ મંત્રીની જગ્યાઓ છે, તેમ છતાં બંને જગ્યાઓ છેલ્લા બે વર્ષથી ખાલી છે. આ જગ્યાઓ દિન-૭માં ભરવા માટે પણ રજૂઆત કરવામાં આવી હોવાનું લીલીયાના ઈન્ચાર્જ સરપંચ વિજય શેખલીયાએ જણાવ્યું હતું.

# રાજુલાની સંઘવી મહિલા આર્ટ્સ અને કોમર્સ કોલેજમાં સી.ઈ.ડી. તાલીમ શિબિર યોજાઈ

રાજુલા, તા.૧૮

રાજુલામાં એચ. બી .સંઘવી મહિલા આર્ટ્સ અને કોમર્સ કોલેજ ખાતે ઉદ્યોગ અને સાહસિકતા કેન્દ્ર-ભાવનગર દ્વારા તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સી.ઈ.ડી. તાલીમ સંસ્થાના ડેપ્યુટી મેનેજર ડો. વિમલભાઈ જગડ, એક્ઝિક્યુટિવ જયભાઈ ત્રિવેદી, કોલેજ કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસ, સેક્રેટરી બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, કેમ્પસ ડાયરેક્ટર ડૉ. જીગ્નેશભાઈ વાજા, એથીકસ કન્ઝ્યુમરના મેનેજિંગ ડાયરેક્ટર હાર્દિકભાઈ પટેલ અને વ્યાપારી દિલીપભાઈ પટેલ તેમ જ તાલીમી પ્રશિક્ષકો ઉપસ્થિત રહેલ. કોલેજના પ્રિન્સિપાલ ડો. રીટાબેન રાવલે પ્રાસંગિક ઉદ્બોધન કરીને ઔદ્યોગિક તાલીમ સંસ્થા દ્વારા સ્વાવલંબનનો હેતુ સાર્થક કરતા અનેક પ્રોજેક્ટ અને તાલીમ હોવાનું જણાવ્યું હતું. તમામ તાલીમાર્થી બહેનોને જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ભાવનગર તરફથી કીટનું વિતરણ મહેમાનોના હસ્તે કરવામાં આવ્યું હતું.



તસવીર : ગોપાલ રાઠોડ

# અમરેલી ગજેરા સંકુલ સ્કૂલ-કોલેજમાં સ્વાતંત્ર્ય દિવસની ઉત્સાહભેર ઉજવણી કરાઈ

અમરેલી,તા.૧૮

અમરેલીના શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ-કોલેજ-હોસ્ટેલ ખાતે સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી દેશભક્તિ અને ઉત્સાહભેર કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સંકુલની પૂર્વ વિદ્યાર્થીની બ્રહ્માકુમારી કિંજલબેન દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવીને ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ ઉજવણી દરમિયાન સંકુલના પ્રમુખ સહિત અન્ય મહાનુભાવો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં વિદ્યાર્થીનીઓએ એક સૂર અને એક તાલ સાથે સુંદર સાંસ્કૃતિક પ્રસ્તુતિ કરી સહુને મંત્રમુગ્ધ કર્યા હતા.











તંત્રી લેખ

# ન્યાયતંત્રની પારદર્શિતા અને લોકતંત્રની કસોટી

રાજકારણ એક એવું કુરુક્ષેત્ર છે જ્યાં કોઈ કાયમી મિત્રો કે સગા હોતા નથી કે કાયમી કોઈ દુશ્મન હોતા નથી. જ્યારે સત્તા બદલાય છે ત્યારે આ વસ્તુ જગતની સામે આવે છે. એ સત્તામાં આવે તે ધારે તે કરી શકે. આ દરેક દેશમાં આ વસ્તુ સમાન રીતે લાગુ પડે છે. બીજી બાજુ ન્યાયતંત્રની વાત આવે છે. કાયદો દરેકને સમાન રીતે લાગુ પડે છે એ વસ્તુ પણ એટલી જ શક્ય છે આ વસ્તુ અત્યારે આપણા દેશમાં ચાલી રહી છે ભારતીય લોકતંત્રમાં ન્યાયતંત્ર અને રાજકારણ વચ્ચેનો સંબંધ હંમેશા ચર્ચાનો વિષય રહ્યો છે. કોઈ પણ મોટા જાહેર વ્યક્તિ સામે જ્યારે કાનૂની કાર્યવાહી શરૂ થાય છે, ત્યારે તેની અસર માત્ર અદાલતના ચુકાદા સુધી સીમિત રહેતી નથી, પરંતુ તેનો પડઘો સંસદથી લઈને સામાન્ય ચર્ચાઓ સુધી સંભળાય છે. હાલમાં સર્વોચ્ચ અદાલતમાં ચાલી રહેલા એક મામલાએ ફરી એક વખત આ જ પ્રકારની સ્થિતિનું નિર્માણ કર્યું છે. આ મામલો આય કરતાં વધુ સંપત્તિના આરોપોને લગતો છે, જેમાં અલ્હાબાદ હાઈકોર્ટે તપાસ એજન્સીઓને તપાસ કરવાનો નિર્દેશ આપ્યો હતો. આ આદેશ સામે સર્વોચ્ચ અદાલતમાં અરજી દાખલ થઈ છે અને સર્વોચ્ચ અદાલતે હાલ પૂરતી હાઈકોર્ટની આગામી સુનાવણી પર રોક લગાવીને તમામ સંબંધિત પક્ષોને નોટિસ પાઠવી છે. આ એક સામાન્ય ન્યાયિક પ્રક્રિયા છે, જ્યાં ઉપલી અદાલત નીચલી અદાલતના આદેશની કાયદેસરતા ચકાસે છે. પરંતુ આ સામાન્ય પ્રક્રિયાને પણ જ્યારે રાજકીય રંગ આપવામાં આવે છે, ત્યારે લોકતંત્ર માટે ગંભીર પ્રશ્નો ઉભા થાય છે. આ લેખ કોઈ વ્યક્તિના દોષ કે નિર્દોષતા વિશે નથી, પરંતુ તે પ્રક્રિયા વિશે છે જેના દ્વારા સત્ય સુધી પહોંચવાનો પ્રયાસ થાય છે. જ્યારે પણ કોઈ મોટા રાજકીય નેતા સામે તપાસ શરૂ થાય છે, ત્યારે તરત જ બે સમાંતર વાર્તાઓ ચાલવા લાગે છે. પહેલી વાર્તા એવી હોય છે કે શાસક પક્ષ દ્વારા કેન્દ્રીય એજન્સીઓનો ઉપયોગ વિરોધ પક્ષને કચડવા માટે થઈ રહ્યો છે. બીજી વાર્તા એવી હોય છે કે કાયદા સમક્ષ બધા સમાન છે, અને કોઈ પણ વ્યક્તિ, ભલે તે કેટલો પણ પ્રભાવશાળી હોય, તેને કાયદાથી ઉપર ન ગણી શકાય. આ બંને દલીલોમાં પોતપોતાની રીતે વજન છે. સ્વતંત્ર ભારતના ઈતિહાસ પર નજર કરીએ તો લગભગ દરેક દાયકામાં, દરેક સરકારના સમયમાં, તપાસ એજન્સીઓના દુરુપયોગના આરોપો લાગ્યા છે. સીબીઆઈને તો એક સમયે સર્વોચ્ચ અદાલતે જ "પાંજરામાં બંધ પોપટ" સુધી કહી હતી. ઈડી, આવકવેરા વિભાગ જેવી એજન્સીઓ પર પણ સમયાંતરે પક્ષપાતી કાર્યવાહીના આક્ષેપો થતા રહ્યા છે. આ આરોપો માત્ર વિપક્ષ જ નથી કરતો, જ્યારે વિપક્ષ સત્તામાં આવે છે ત્યારે તે પણ આ જ ફરિયાદોનું પુનરાવર્તન કરે છે. આનો અર્થ એ છે કે સમસ્યા કોઈ એક પક્ષની નથી, પરંતુ આપણી તપાસ પ્રણાલીના માળખાકીય સ્વતંત્રતાની છે. બીજી દલીલ પણ એટલી જ મહત્વપૂર્ણ છે. જો આપણે દરેક તપાસને માત્ર એટલા માટે રાજકીય કાવતરું ગણીને ફગાવી દઈશું કે તે કોઈ વિરોધ પક્ષના નેતા સામે છે, તો આપણે ભ્રષ્ટાચાર સામે લડવાની આપણી નૈતિક તાકાત જ ગુમાવી દઈશું. લોકતંત્રમાં જવાબદારી એ સૌથી મોટો સિધ્ધાંત છે. ચૂંટાયેલા પ્રતિનિધિ પાસે જનતાના પૈસા અને વિશ્વાસ બંને હોય છે, તેથી તેની સંપત્તિ, તેના આવકના સ્ત્રોતો વિશે પારદર્શકતા હોવી એ જનતાનો અધિકાર છે. માત્ર વિરોધ પક્ષના નેતા હોવાથી કોઈને તપાસમાંથી મુક્તિ ન મળી શકે. આ બંને છેડાઓ વચ્ચે સંતુલન જાળવવાનું કામ ન્યાયતંત્રનું છે. અને આ જ કારણથી આ કેસમાં સર્વોચ્ચ અદાલતની ભૂમિકા અત્યંત મહત્વની બની જાય છે.સર્વોચ્ચ અદાલતે વચગાળાની રાહત આપી છે. ઘણા લોકો આને કોઈની જીત કે હાર તરીકે જુએ છે, જે તદન ખોટું છે. વચગાળાની રાહત એટલે કે 'સ્ટે' આપવો એ ન્યાયિક પ્રક્રિયાનો એક સામાન્ય અને જરૂરી ભાગ છે. તેનો અર્થ એ છે કે અદાલત આ મામલાને ગંભીરતાથી સાંભળવા માંગે છે, બંને પક્ષોને પૂરતો સમય આપવા માંગે છે અને ઉતાવળમાં કોઈ એકતરફી કાર્યવાહી ન થાય તેની કાળજી રાખે છે. નોટિસ પાઠવવી એટલે તપાસ એજન્સીઓ અને અરજદારોને પોતાનો પક્ષ સ્પષ્ટ રીતે રજૂ કરવાની તક આપવી. આ જ કાયદાના શાસનની સુંદરતા છે.

# લાઠી તાલુકાના દહિંથરા ગામે નવા પંચાયત ભવનના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત



લાઠી,તા.૧૮

લાઠી તાલુકાના દહિંથરા ગામે નવા પંચાયત ભવનના નિર્માણ કાર્યનું ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ગામમાં આધુનિક અને સુવિધાસભર પંચાયત ભવનની લાંબા સમયથી જરૂરિયાત હતી. નવા ભવનના નિર્માણથી ગ્રામ પંચાયતની કામગીરી વધુ સુવ્યવસ્થિત બનશે તેમજ ગ્રામજનોને સરકારી યોજનાઓ અને વિવિધ સેવાઓનો લાભ મેળવવામાં સરળતા રહેશે. વિકાસલક્ષી બેઠકો, આયોજન અને તાલીમ માટે પણ જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ થશે. પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ જણાવ્યું હતુ કે રાજ્ય સરકાર ગ્રામ્ય વિસ્તારોના વિકાસ માટે પ્રતિબદ્ધ છે. ગામડાંમાં સુશાસન અને આત્મનિર્ભરતા વધારવા માટે પાયાની સુવિધાઓ જરૂરી છે. આ પ્રસંગે જિલ્લા અને તાલુકા પંચાયતના સભ્યો, ભાજપના આગેવાનો, સરપંચ, કાર્યકરો તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલાના યુવક સાથે રૂ.૧.૫૫ લાખનો વિશ્વાસઘાત

સાવરકુંડલા, તા.૧૮

સાવરકુંડલાના યુવક સાથે રૂ. ૧.૫૫ લાખનો વિશ્વાસઘાત થયો હતો. આ અંગે નાસીરભાઈ અબ્દુલભાઈ બાવનકા (ઉ.વ.૩૩)એ ગારીયાધાર તાલુકાના મોરબા ગામના અશોકભાઈ ધનજીભાઈ કંટારીયા સામે ફરિયાદ નોંધાવી હતી. તેમની દુકાન,સંડાસ-બાથરૂમ તથા ડેલો બનાવવા માટે તેમણે બાનાપેટેના રૂ.૧,૦૦,૦૦૦ નોટરી રૂબરૂ આપ્યા હતા. તેમજ તેની દીવાલ તથા પાણીનો ટાંકો તોડી તેનો સામાન રૂ.૫૫,૦૦૦ માં વેચી નાખ્યો હતો. આમ કુલ રૂ.૧,૫૫,૦૦૦ રૂ. સાથે વિશ્વાસમાં લઈ કામ નહી કરી આપીને રૂપિયા પરત ન કરીને વિશ્વાસઘાત કર્યો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે જે રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# લાઠીમાં પોસ્ટ બેંક ખાતામાંથી રૂ.૧૨,૫૦૨ ઉપાડી છેતરપિંડી આચરનાર સામે ગુનો દાખલ

**અજાણ્યા શખ્સો સામે સાયબર ફ્રોડ તથા છેતરપિંડી અંગે ગુનો નોંધાયો**

લાઠી, તા.૧૮

લાઠી પંથકમાં વધુ એક સાયબર ફ્રોડનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જેમાં અજાણ્યા ગઠિયાઓએ ફરિયાદીના પોસ્ટ બેંક એકાઉન્ટમાંથી જાણ બહાર નાણાં ટ્રાન્સફર કરી છેતરપિંડી આચરી હતી.

ખોડીદાસ દેવજીભાઈ પરમાર (ઉં.વ.૨૬)એ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, સંમતિ વગર તેમના પોસ્ટ બેંક એકાઉન્ટમાંથી અલગ-અલગ ઓનલાઈન વ્યવહારો મારફતે કુલ રૂ. ૧૨,૫૦૨ ની રકમ કપાવી લીધી હતી. આ કપાત થયેલી રકમ પૈકી રૂ. ૯,૬૭૪ એક્સિસ બેંકના રેઝરપે પેમેન્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ પેમેન્ટ એગ્રીગેટર એસ્ક્રો એકાઉન્ટમાં મેળવી લેવામાં આવ્યા હતા. ખાતાધારક તેમજ આ બેંક ખાતાનો દુરુપયોગ કરનાર અને કરાવનાર અજાણ્યા શખ્સો સામે સાયબર ફ્રોડ તથા છેતરપિંડી અંગે ગુનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. લાઠી પોલીસ સ્ટેશનના એસઆઈ એમ.બી.ઔસુરા વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરામાં બ્રહ્મ અને સાધુ ચોરાસીના દાતાનું સન્માન કરાયું



તસવીર : હાર્દિક બામટા

બગસરા,તા.૧૮

બગસરામાં સ્વ. જીવનલાલ પાનાચંદ વઢવાણા તથા સ્વ. લીલાવતીબેન જીવનલાલ વઢવાણાની સ્મૃતિમાં પરિવારજનો લલીતભાઈ જીવનલાલ વઢવાણા તેમજ પ્રદીપભાઈ અને પરાગભાઈ દ્વારા બ્રહ્મ ચોરાસી અને સાધુ ચોરાસીનું આયોજન કરવામાં આવ્યું હતું. ધાર્મિક ભાવના સાથે યોજાયેલા આ પ્રસંગમાં સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન સમસ્ત બ્રહ્મ સમાજના કારોબારી સભ્યો દ્વારા વઢવાણા પરિવારનું સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. પરિવાર દ્વારા આયોજિત આ સેવાકીય અને ધાર્મિક પ્રસંગને સમાજના આગેવાનો તથા ઉપસ્થિત લોકોએ બિરદાવ્યો હતો.

# રાજુલામાં સોનાની બે બુટ્ટી પોલીસે શોધીને માલિકને પરત કરી



રાજુલા,તા.૧૮

રાજુલાના વોરાવાડના રહેવાસી અજીજભાઈ સિરાજભાઈ મલ્લીક સોનાના બંગાળી કારીગર છે. તેઓ રાજુલાના વેપારીઓને મજુરીથી સોના ચાંદીના દાગીના બનાવી આપવાનું કામ કરે છે. રાજુલાના એક વેપારીએ તેમને સોનાની બે બુટ્ટી બનાવવાનો ઓર્ડર આપેલ. આ બુટી તૈયાર થઈ જતાં તેઓ વેપારીને ડીલીવરી કરવાં માટે તેમની દુકાને જતા હતા ત્યારે તેમના ખિસ્સામાંથી બુટી ભરેલ નાનુ બોકસ કયાંક પડી ગયેલ હતું. તેમણે શોધવાનો પ્રયાસ કર્યો પણ તે ન મળતાં તેઓએ રાજુલા પોલીસને જાણ કરેલ. આથી રાજુલા ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક નયના ગોરડીયાના માર્ગદર્શન રાજુલા પો. સ્ટે.ના પો. ઈન્સ વી.એમ.કોલાદરાની સુચનાથી ટીમે બનાવ સમયના CCTV ચેક કર્યા હતા અને રાજુલા ટાઉન વિસ્તારમાં જઈ પુછપુરછ કરી હતી. આ દરમિયાન એક અજાણી ભિક્ષુક મહીલા પડી ગયેલ દાગીના નીચે નમીને લેતી જણાઈ આવેલ. જેથી તે અંગે પુછપુરછ કરતાં જણાઈ આવેલ કે, તે ભિક્ષુક મહીલા રાજુલા વિસ્તારમાં રહેતી નથી અને રાજુલામાં પહેલીવાર આવેલ છે. જેથી હ્યુમન સ્ત્રોત ઉભા કરીને તેને રાજુલા ગ્રામ્ય વિસ્તારમાંથી શોધીને પુછપુરછ કરતાં જણાવેલ કે, તેને એક બુટી ભરેલ નાનુ બોકસ મળેલ છે પરંતુ તેને આ બુટી સાચી છે કે ખોટી તેની ખબર નથી પરંતુ તેને બોકસ રસ્તામાં પડેલ મળેલ હોવાથી પોતાની પાસે રાખેલ હોવાનું જણાવેલ. જેથી બોકસમાં રહેલ સોનાની બુટી અજીજભાઈની હોવાની ખરાઈ કરીને તેમને પરત સોંપેલ હતી.

# જિલ્લામાં ૯ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો

**મહિલા દેશી દારૂ બનાવવાના ૫૦ લીટર આથા સાથે ઝડપાઈ**

અમરેલી, તા.૧૮

અમરેલી જિલ્લામાં ૯ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો હતો. જેમાં એક મહિલા પણ હતી. પોલીસે કુલ મળીને ૩૯ લીટર પીવાનો દેશી દારૂ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી. દામનગરના ધામેલ ગામે મફતપરા વિસ્તારમાંથી એક મહિલા દેશી દારૂ બનાવવાના ૫૦ લીટર આથા સાથે ઝડપાઈ હતી. જિલ્લામાં વિવિધ સ્થળેથી ૧૩ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| રાજકોટ | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૬૦૦ | ૨૦૧૬ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૪૨ |
| ઘઉં ટુકડા | ૪૯૫ | ૬૧૮ |
| જુવાર સફેદ | ૧૧૦૧ | ૧૨૧૫ |
| જુવાર લાલ | ૧૦૬૦ | ૧૧૬૦ |
| જુવાર પીળી | ૪૭૦ | ૫૦૦ |
| બાજરી | ૩૭૦ | ૪૬૪ |
| તુવેર | ૧૦૨૦ | ૧૫૬૪ |
| ચણા પીળા | ૧૦૨૧ | ૧૨૪૪ |
| ચણા સફેદ | ૧૨૦૧ | ૧૭૭૫ |
| અડદ | ૧૨૦૦ | ૧૮૩૫ |
| મગ | ૧૧૫૦ | ૧૬૫૦ |
| વાલ દેશી | ૬૫૦ | ૧૧૫૦ |
| ચોળી | ૧૦૭૦ | ૧૪૯૦ |
| વટાણા | ૫૫૦ | ૭૧૧ |
| કળથી | ૪૫૦ | ૬૫૦ |
| રાજમા | ૧૦૦૦ | ૧૯૫૦ |
| સીંગદાણા | ૧૬૭૦ | ૨૧૦૦ |
| મગફળી જાડી | ૧૩૧૦ | ૧૬૧૦ |
| મગફળી જીણી | ૧૨૪૦ | ૧૫૩૫ |
| તલી | ૨૦૦૦ | ૨૪૧૫ |
| સુરજમુખી | ૧૩૭૫ | ૧૩૭૫ |
| એરંડા | ૧૩૭૦ | ૧૪૩૬ |
| અજમો | ૧૪૫૦ | ૩૦૦૦ |
| સુવા | ૧૦૨૧ | ૧૫૦૦ |
| સોયાબીન | ૧૨૨૮ | ૧૨૭૩ |
| સીંગફાડા | ૧૪૦૦ | ૧૭૭૦ |
| કાળા તલ | ૨૨૬૦ | ૩૬૧૦ |
| લસણ | ૧૦૮૦ | ૨૫૭૦ |
| ધાણા | ૨૭૦૦ | ૨૯૩૭ |
| ધાણી | ૨૮૩૦ | ૩૧૦૦ |
| વરીયાળી | ૧૪૦૦ | ૨૨૬૦ |
| જીરૂ | ૩૫૬૦ | ૩૯૦૦ |
| રાય | ૧૨૯૦ | ૧૮૦૫ |
| મેથી | ૯૭૦ | ૧૭૩૨ |
| ઇસબગુલ | ૧૧૦૦ | ૧૮૦૦ |
| અશેરીયો | ૮૫૦ | ૧૦૫૦ |
| કલોંજી | ૩૧૫૦ | ૩૬૦૦ |
| રાયડો | ૧૧૮૦ | ૧૫૦૦ |
| રજકાનું બી | ૭૫૦૦ | ૧૦૨૫૦ |

| રાજકોટ (શાકભાજી) | | |
|---|---|---|
| પપૈયા | ૨૧૧ | ૪૦૧ |
| બટેટા | ૯૩ | ૨૯૧ |
| ડુંગળી સુકી | ૨૬૧ | ૬૦૫ |
| ટમેટા | ૩૩૬ | ૫૯૧ |
| સુરણ | ૮૩૧ | ૧૦૨૧ |
| કોથમરી | ૨૧૨ | ૪૧૮ |
| મુળા | ૪૧૩ | ૬૦૭ |
| રીંગણા | ૩૫૪ | ૮૧૩ |
| કોબીજ | ૧૯૭ | ૪૧૧ |
| ફ્લાવર | ૪૫૬ | ૬૬૯ |
| ભીંડો | ૪૯૮ | ૮૫૬ |
| ગુવાર | ૧૧૨૯ | ૧૭૨૮ |
| ચોળાસીંગ | ૫૪૧ | ૯૮૦ |
| વાલોળ | ૬૭૧ | ૧૩૨૬ |
| ટીંડોળા | ૬૩૧ | ૧૧૭૧ |
| દુધી | ૨૧૧ | ૩૯૧ |
| કારેલા | ૩૧૮ | ૫૭૬ |
| સરગવો | ૬૩૩ | ૧૧૮૮ |
| તુરીયા | ૫૫૮ | ૯૧૧ |
| પરવર | ૫૬૭ | ૮૮૩ |
| કાકડી | ૩૩૧ | ૭૧૨ |
| ગાજર | ૩૧૨ | ૪૨૬ |
| વટાણા | ૨૦૨૫ | ૩૦૩૪ |
| કંટોળા | ૧૯૮૪ | ૨૪૩૧ |
| ગલકા | ૨૭૭ | ૪૧૩ |
| બીટ | ૩૧૭ | ૫૨૦ |
| મેથી | ૪૧૧ | ૮૨૨ |
| વાલ | ૧૨૨૫ | ૧૫૮૦ |
| ડુંગળી લીલી | ૪૨૫ | ૬૯૧ |
| આદુ | ૧૪૨૭ | ૩૦૧૬ |
| મરચા લીલા | ૪૨૩ | ૬૩૭ |
| મગફળી લીલી | ૪૫૮ | ૮૪૧ |
| મકાઇ લીલી | ૨૧૧ | ૪૧૭ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૪૧ | ૧૯૬૧ |
| ઘઉં લોકવન | ૪૯૧ | ૫૯૨ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૭૦૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૪૩૧ |
| સિંગદાણા જાડા | ૧૨૪૧ | ૨૦૭૧ |
| સિંગ ફાડીયા | ૧૧૮૧ | ૧૭૫૦ |

| | | |
|---|---|---|
| એરંડા / એરંડી | ૧૨૭૧ | ૧૪૦૬ |
| તલ લાલ | ૨૨૭૧ | ૨૪૪૧ |
| જીરૂ | ૨૨૦૧ | ૩૯૫૧ |
| ક્લંજી | ૨૪૦૧ | ૩૫૪૧ |
| વરીયાળી | ૧૫૭૬ | ૧૫૭૬ |
| ધાણા | ૨૪૦૧ | ૩૦૯૧ |
| લસણ સુકું | ૧૦૪૧ | ૨૨૭૧ |
| અડદ | ૭૫૧ | ૧૮૧૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૫૦૧ |
| રાય | ૧૭૦૧ | ૧૭૦૧ |
| મેથી | ૭૫૧ | ૧૪૧૧ |
| સુવાદાણા | ૫૨૧ | ૧૬૭૬ |
| કાંગ | ૪૦૧ | ૭૩૧ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૧૬૧૬ |
| તલ - તલી | ૧૮૭૬ | ૨૪૪૧ |
| ધાણી | ૨૮૦૧ | ૩૧૧૧ |
| બાજરો | ૨૯૧ | ૪૬૧ |
| જુવાર | ૪૬૧ | ૧૧૬૧ |
| મકાઇ | ૩૦૧ | ૬૦૧ |
| મગ | ૮૩૧ | ૧૬૫૧ |
| વાલ | ૮૯૧ | ૧૨૪૧ |
| સોયાબીન | ૧૦૮૧ | ૧૨૪૧ |
| રજકાનું બી | ૫૨૦૧ | ૫૨૦૧ |
| અજમાં | ૧૬૭૬ | ૧૬૭૬ |
| કળથી | ૬૦૦ | ૭૦૧ |
| ગોગળી | ૮૦૦ | ૧૩૦૦ |
| વટાણા | ૫૦૦ | ૭૨૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૧૮૦ | ૬૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૨૨૦૦ |
| કોબી | ૨૦૦ | ૬૦૦ |
| દુધી | ૧૬૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૮૦૦ |
| કાકડી | ૨૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૧૦૦ |
| ગલકા | ૧૬૦ | ૪૦૦ |
| ગાજર | ૨૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૨૦૦ | ૨૦૦૦ |

| | | |
|---|---|---|
| વટાણા | ૨૦૦૦ | ૨૬૦૦ |
| બટેટા | ૧૨૦ | ૨૬૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૧૫ |
| તાંજરીયા પુરા | ૪ | ૧૦ |
| કોથમીર પુરા | ૧ | ૧૨ |
| મૂળા પુરા | ૩ | ૧૦ |
| કાચા કેળા | ૨૦૦ | ૩૦૦ |
| પચકારુ | ૨૦૦ | ૪૦૦ |
| ચૂણ | ૮૦૦ | ૧૦૦૦ |
| કંટોલા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| પરવળ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૧૮૦ | ૮૦૦ |
| મેથી પુરા | ૩ | ૧૦ |
| સરગવો પુરા | ૫૦ | ૭૦ |
| ચોરા | ૨૦૦ | ૧૨૦૦ |
| કારેલા | ૨૦૦ | ૮૦૦ |
| વાલોર | ૧૮૦ | ૧૪૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૪૦૦ |
| આદુ | ૧૮૦ | ૧૮૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૧૦ | ૨૦ |
| પાલક પુરા | ૧ | ૪ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૮૭૫ | ૧૪૦૦ |
| શિંગદાણા ફાડા | ૧૫૭૦ | ૨૦૩૫ |
| તલ સફેદ | ૧૨૦૫ | ૨૫૮૫ |
| કાળા તલ | ૨૨૦૦ | ૩૬૭૫ |
| તલ કાશમીરી | ૨૧૩૦ | ૨૪૭૫ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૬૧૦ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૭૫ |
| મગ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૪૫ |
| સફેદ ચણા | ૧૧૨૦ | ૧૧૯૫ |
| તુવેર | ૯૮૦ | ૧૪૮૦ |
| કપાસ | ૧૦૨૫ | ૨૦૪૦ |
| એરંડા | ૧૨૫૦ | ૧૩૪૫ |
| જીરુ | ૩૫૧૦ | ૩૭૭૦ |
| ધાણી | ૨૮૦૦ | ૩૦૮૫ |
| મેથી | ૧૭૫ | ૨૩૪૦ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૨૭૦ |

| અમરેલી (શાકભાજી) | | |
|---|---|---|
| બટેટા | ૧૮૦ | ૨૮૦ |
| રીંગણા | ૫૮૦ | ૧૦૦૦ |
| ફ્લાવર | ૮૦૦ | ૯૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૫૦ |
| શકકરીયા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ટમેટાં | ૫૦૦ | ૬૦૦ |
| સુરણ | ૯૭૦ | ૧૦૫૦ |
| ગાજર | ૪૮૦ | ૫૮૦ |
| દુધી | ૩૦૦ | ૪૦૦ |
| કારેલા | ૫૨૦ | ૬૩૦ |
| ગલકા | ૩૦૦ | ૪૦૦ |
| મૂળા | ૩૦૦ | ૩૫૦ |
| કાકડી | ૨૬૦ | ૫૯૦ |
| ગુવાર | ૧૫૦૦ | ૧૮૦૦ |
| ચીભડા | ૬૦૦ | ૯૪૦ |
| વટાણા | ૨૮૫૦ | ૨૯૫૦ |
| ચોળા લીલા | ૮૨૦ | ૯૨૦ |
| તુરીયા | ૬૦૦ | ૭૦૦ |
| શીંગ ઓળા | ૮૦૦ | ૧૦૫૦ |
| ભીંડો | ૭૦૦ | ૮૦૦ |
| આદુ | ૧૪૦૦ | ૨૫૦૦ |
| કોથમીર | ૨૦૦ | ૩૦૦ |
| મેથીભાજી | ૬૨૦ | ૭૩૦ |
| ફોદીનો | ૯૫૦ | ૧૧૫૦ |
| ટીંડોરા | ૬૫૦ | ૭૫૦ |
| બીટ | ૫૦૦ | ૬૦૦ |
| સરગવો | ૧૦૫૦ | ૧૨૦૦ |
| લીમડો મીઠો | ૧૫૦ | ૧૯૦ |
| મરચાં લીલાં | ૬૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૭૦૦ | ૮૦૦ |
| ડુંગળી સુકી | ૫૨૦ | ૬૦૦ |
| લસણ સુકું | ૧૨૦૦ | ૨૫૦૦ |
| પાલક | ૫૧૦ | ૬૦૦ |
| લીબુ | ૪૫૦ | ૭૨૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૫૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ મોટી | ૧૨૦૦ | ૧૪૮૫ |
| શીંગ દાણા | ૧૬૦૦ | ૨૦૦૦ |
| તલ સફેદ | ૨૩૦૦ | ૨૪૫૧ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૪૪૧ |

| | | |
|---|---|---|
| જીરૂ | ૩૪૦૦ | ૩૭૪૧ |
| કપાસ | ૧૨૦૦ | ૧૯૬૦ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૬૦ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૭૦ |
| બાજરો | ૪૦૦ | ૪૮૦ |
| જુવાર | ૫૫૦ | ૧૧૮૪ |
| મકાઈ | ૪૦૦ | ૫૦૦ |
| મગ | ૧૩૦૦ | ૧૪૨૦ |
| ચણા | ૧૧૫૦ | ૧૨૫૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૦૦ |
| એરંડી | ૧૩૦૦ | ૧૩૦૦ |
| મેથી | ---- | ૧૨૯૫ |
| ધાણા | ---- | ૨૮૦૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ચણા | ૧૨૦૦ | ૧૨૪૦ |
| જીરૂ | ૩૬૦૦ | ૩૮૦૦ |
| ઘઉં | ૪૫૦ | ૫૩૯ |
| તુવેર | ૧૧૦૦ | ૧૨૪૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૯૦ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૪૨૫ |
| ચણા | ૮૧૨ | ૧૦૧૨ |
| ધાણા | ૧૭૦૦ | ૧૭૦૦ |
| જુવાર | ૧૨૫૨ | ૧૨૫૨ |
| સોયાબીન | ૯૦૦ | ૯૦૫ |
| શીંગ દાણા | ૧૨૦૫ | ૧૨૦૫ |
| તુવેર | ૧૦૨૦ | ૧૪૦૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૪૪૦ | ૧૪૪૦ |
| ઘઉં | ૪૯૦ | ૪૯૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૨૫ |
| તુવેર | ૧૦૧૦ | ૧૪૫૦ |
| કલોંજી | ૩૦૦૦ | ૩૦૦૦ |
| **મહુવા** | | |
| એરંડા | ૧૨૪૦ | ૧૨૪૦ |
| જુવાર | ૪૧૨ | ૧૧૪૮ |
| બાજરી | ૩૭૦ | ૫૧૯ |
| ઘઉં ટુકડા | ૩૦૦ | ૫૬૧ |
| રાજગરો | ૧૪૫૦ | ૧૪૫૦ |
| મગ | ૫૦૦ | ૧૫૫૬ |

| | | |
|---|---|---|
| રાય | ૧૭૦૦ | ૧૭૦૦ |
| મેથી | ૧૧૮૫ | ૧૧૮૫ |
| ચણા | ૮૩૦ | ૧૨૮૬ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૨૪૬૩ |
| તલ કાળા | ૧૩૦૦ | ૩૪૦૦ |
| તુવેર | ૧૦૫૬ | ૧૧૦૦ |
| સોયાબીન | ૫૦૦ | ૮૯૦ |
| ડુંગળી લાલ | ૭૩ | ૬૮૧ |
| ડુંગળી સફેદ | ૧૪૮ | ૩૧૮ |
| નારીયેર | ૫૬૦ | ૩૦૭૬ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૨૦૧ | ૨૦૦૧ |
| ઘઉં | ૪૫૧ | ૫૫૧ |
| મગ | ૫૦૦ | ૫૦૦ |
| ચણા | ૮૦૧ | ૧૧૭૬ |
| ચોળી | ૫૦૦ | ૫૦૦ |
| અડદ | ૧૫૪૬ | ૧૫૪૬ |
| મઠ | ૫૦૦ | ૫૦૦ |
| તુવેર | ૭૦૧ | ૧૪૨૬ |
| મગફળી | ૧૨૭૧ | ૧૨૭૧ |
| શીંગદાણા | ૧૪૦૧ | ૧૮૪૧ |
| શીંગફાડા | ૧૬૨૧ | ૧૬૨૧ |
| તલ સફેદ | ૧૨૦૧ | ૨૪૪૬ |
| તલ કાળા | ૧૫૦૧ | ૩૩૨૧ |
| મેથી | ૧૨૩૧ | ૧૨૩૧ |
| જીરૂ | ૩૬૯૬ | ૩૬૯૬ |
| ધાણા | ૧૫૦૧ | ૨૮૯૬ |
| લસણ | ૬૪૬ | ૬૪૬ |
| સોયાબીન | ૮૫૧ | ૧૧૯૬ |
| **રાજુલા** | | |
| તલ સફેદ | ૨૧૦૧ | ૨૫૧૫ |
| તલ કાળા | ૨૦૦૦ | ૨૮૧૧ |
| તલ પીળા | ૨૩૦૧ | ૨૩૦૧ |
| બાજરો | ૪૧૧ | ૫૪૦ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૬૩ |
| જુવાર | ૫૪૧ | ૧૨૩૧ |
| મકાઇ | ૪૦૦ | ૪૦૦ |
| મગ | ૮૫૧ | ૮૫૧ |

| | | |
|---|---|---|
| તુવેર | ૭૭૬ | ૭૭૬ |
| ચણા | ૮૫૦ | ૧૨૮૦ |
| ધાણા | ૨૩૫૧ | ૨૩૫૧ |
| **જામનગર** | | |
| બાજરો | ૩૨૫ | ૪૪૦ |
| ઘઉં | ૪૪૦ | ૫૫૭ |
| મગ | ૧૭૭૯ | ૧૫૫૦ |
| તુવેર | ૧૦૮૦ | ૧૩૭૫ |
| ચણા | ૧૦૧૮ | ૧૨૮૫ |
| ચણા સફેદ | ૧૦૮૫ | ૧૪૭૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૩૦૦ |
| એરંડા | ૯૦૦ | ૧૩૭૧ |
| તલી | ૧૫૦૦ | ૨૪૦૦ |
| તલ કાળા | ૨૫૫૦ | ૩૧૦૦ |
| રાયડો | ૧૨૦૦ | ૧૪૬૦ |
| રાય | ૧૩૦૦ | ૧૬૫૦ |
| લસણ | ૮૦૦ | ૨૩૮૦ |
| કપાસ | ૯૪૦ | ૨૭૫૧ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૮૫૦ |
| અજમો | ૨૦૮૦ | ૩૬૨૫ |
| અમજમાની ભૂસી | ૩૫ | ૨૩૨૦ |
| ધાણા ધાણી | ૨૭૩૦ | ૨૯૩૦ |
| ડુંગળી સુકી | ૧૫૦ | ૬૭૦ |
| ડુંગળી નાસીક | ૭૪૦ | ૮૬૫ |
| શીંગદાણા | ૧૫૦૦ | ૨૩૫૦ |
| વટાણા | ૫૦૫ | ૬૮૦ |
| **કોડીનાર** | | |
| બાજરી હાઈબ્રીડ | ૩૮૦ | ૫૨૨ |
| ઘઉં | ૪૫૦ | ૫૮૦ |
| જુવાર | ૯૦૦ | ૧૨૦૦ |
| અડદ | ૧૫૦૦ | ૧૭૮૦ |
| મગ | ૧૩૧૫ | ૧૫૫૦ |
| ચણા | ૯૦૦ | ૧૧૯૯ |
| સફેદ તલ | ૧૮૦૦ | ૨૩૫૦ |
| કાળા તલ | ૨૨૦૦ | ૩૫૦૦ |
| સોયાબીન | ૧૧૫૦ | ૧૨૫૯ |
| રજકો | ૭૦૦ | ૯૦૫૦ |



લાગે તો તીર : -બનેવીલાલે આવતાં વેંત જ બેરાલાલને ઉઘાડો લીધો
06

# ‘વંદે માતરમ’ને બહુ મોડું રાષ્ટ્રીય સન્માન મળ્યું




અંતે ‘વંદે માતરમ‘ રાષ્ટ્રીય સન્માનનું પ્રતિક બની ગયું.

કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે ભારતના રાષ્ટ્રીય ગાન (national song) ‘વંદે માતરમ’ના અપમાન કે અનાદરને અપરાધ બનાવતો કાયદો બનાવી દેતાં ‘વંદે માતરમ’પણ ભારતના સન્માનનું પ્રતિક બની ગયું. અત્યાર લગી પ્રીવેન્શન ઓફ ઈન્સલ્ટ્સ ટુ નેશનલ ઓનર એક્ટ, ૧૯૭૧ એટલે કે, ‘રાષ્ટ્રીય સન્માનના અપમાન નિવારણ અધિનિયમ, ૧૯૭૧’ હેઠળ રાષ્ટ્રધ્વજ, બંધારણ અને રાષ્ટ્રગીત (national anthem)નું અપમાન કે અનાદર કરવાં સજાપાત્ર ગુનો ગણાતો હતો.

દેશનું રાષ્ટ્રીય ગાન હોવા છતાં ‘વંદે માતરમ’નું અપમાન કે અનાદર અપરાધ નહોતો એ બંધારણીય વિસંગતિ હતી. મોદી સરકારે કાયદામાં સુધારો કરીને રાષ્ટ્રીય ગાન (national song) ‘વંદે માતરમ‘ને પણ રાષ્ટ્રીય સન્માન સાથે જોડીને આ ખામી દૂર કરી દીધી. જૂના કાયદાની કલમ ૩ માં સુધારો કરીને હવે રાષ્ટ્રગીતની સાથે ‘વંદે માતરમ‘નો પણ રાષ્ટ્રીય સન્માનના પ્રતિક તરીકે સમાવેશ કરી લેવાયો છે.

સંસદનાં બંને ગૃહે આ ખરડો પસાર કરી દીધો છે. હવે રાષ્ટ્રપતિની મંજૂરી મળ્યા બાદ આ સુધારો દેશભરમાં અમલી બનશે. સુધારેલા કાયદા હેઠળ કોઈ વ્યક્તિ રાષ્ટ્રીય ગાન ‘વંદે માતરમ‘નું અપમાન કે અનાદર કરશે તો તેને ૩ વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે અને દંડ પણ થઈ શકે છે. આ કાયદા પ્રમાણે, કોઈ વ્યક્તિ જાણીજોઈને વંદે માતરમ્ ગાવામાં અવરોધ ઊભો કરે, જાહેરમાં રાષ્ટ્રીય ગાનનું અપમાન કે અનાદર કરે, કોઈ કાર્યક્રમ દરમિયાન ઈરાદાપૂર્વક હંગામો મચાવે તો ગુનેગાર ગણાશે. સુધારેલા કાયદા હેઠળ ‘વંદે માતરમ‘નું અપમાન કરવા બદલ વધુમાં વધુ ૩ વર્ષની જેલ, દંડ અથવા બંને થઈ શકે છે. બીજી વાર કે વારંવાર ભૂલ કરવા માટે કલમ ૩છ હેઠળ ઓછામાં ઓછી ૧ વર્ષની ફરજિયાત જેલની સજાની જોગવાઈ છે.

સંસદનાં બંને ગૃહોમાં સુધારો પસાર કરાયો પછી લોકસભામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત તમામ સાંસદોએ આખા ‘વંદે માતરમ’નું ગાન કર્યું. સ્વાતંત્ર્ય દિનની ઉજવણી માટેના લાલ કિલ્લા ખાતેના મુખ્ય રાષ્ટ્રીય કાર્યક્રમમાં પણ કાર્યક્રમની શરૂઆત પહેલાં આખા ‘વંદે માતરમ’નું ગાન કરાયું અને એક નવી ગૌરવપૂર્ણ પરંપરાની શરૂઆત કરાઈ.

■■■

હવે વંદે માતરમ્ ગાવું ફરજિયાત છે?

હવે સરકારી કાર્યક્રમોમાં ‘વંદે માતરમ’નું ગાન ફરજિયાત છે પણ કોઈ વ્યક્તિને ફરજિયાત ‘વંદે માતરમ’ની ફરજ ના પાડી શકાય. કેન્દ્ર સરકારે સ્પષ્ટતા કરી જ છે કે, આ કાયદો કોઈને પણ વંદે માતરમ્ ગાવા માટે દબાણ કરતો નથી કે ફરજ પાડતો નથી. સરકારે સ્પષ્ટતા કરી છે કે, ‘વંદે માતરમ’ ગાવાનો ઈન્કાર કરવો અપરાધ નથી કેમ કે ‘વંદે માતરમ’ ગાવાનો ઈન્કાર અને અપમાન વચ્ચે તફાવત છે. કોઈ વ્યક્તિ ‘વંદે માતરમ’ ના ગાય ને કોઈ વ્યક્તિ જાણીજોઈને અનાદર કે અપમાન કરે બંને વચ્ચે કાનૂની તફાવત છે. ઈન્કાર એ અપમાન કે અનાદર નથી.

સરકારની સ્પષ્ટતા સુપ્રીમ કોર્ટનો ૧૯૮૬ના ચુકાદાને સમર્થન આપે છે. ૧૯૮૬માં સુપ્રીમ કોર્ટે બંધારણની કલમ ૧૯(૧)(છ) અને ૨૫(૧)નું અર્થઘટન કરીને ચુકાદો આપ્યો હતો કે, કોઈ વ્યક્તિની ધાર્મિક માન્યતાઓ તેમને ‘વંદે માતરમ‘ ગીત ગાવાથી રોકતી હોય તો તેમને ‘વંદે માતરમ’ નહીં ગાવાનો અધિકાર છે પણ ‘વંદે માતરમ’નું ગાન થતું હોય ત્યારે એ લોકો આદરપૂર્વક શાંતિથી ઊભા રહે અને કોઈ અવરોધ ના ઊભો કરીને બીજાંની લાગણીની કદર કરે તો દોષિત નથી. સરકારે આ ચુકાદાને થોડો વિસ્તૃત કરીને અપમાન અને અનાદર કરનારને અપરાધી ઠેરવવાની જોગવાઈ કરી છે.



**બ્રેકિંગ પોઈન્ટ**
નેહા શર્મા

સુધારેલા કાયદામાં ‘વંદે માતરમ’નું ગાન કરવા માટેની માર્ગદર્શિકા પણ છે. આ માર્ગદર્શિકા પ્રમાણે, ‘વંદે માતરમ’ના બધા જ ૬ શ્લોક કે અંતરા સંપૂર્ણ ગાવાના રહેશે. ‘વંદે માતરમ’ આખું ગાવાનો સમય ૩ મિનિટ અને ૧૦ સેકન્ડ નક્કી કરાયો છે તેથી સમય ઓછો નહીં કરાય. સરકારી કાર્યક્રમોમાં આખું ગાન ફરજિયાત છે જ્યારે શાળાઓમાં સવારની સભા પહેલાં વંદે માતરમ્ ગાવું અને વિદ્યાર્થીઓ આદરપૂર્વક ધ્યાન કેન્દ્રિત કરીને ઊભા રહે તેના પર ભાર મૂકવાનો રહેશે.

■■■

‘વંદે માતરમ’નો રાષ્ટ્રીય સન્માનનાં પ્રતિકોમાં સમાવેશ બહુ મોડો થયો.

આઝાદીની લડત વખતે ‘વંદે માતરમ’ બિનસત્તાવાર રાષ્ટ્રગીત હતું પણ દેશ આઝાદ થયો ત્યારે તેને બદલે જમ ગણ મન અધિનાયક રાષ્ટ્રગીત બની ગયું તેનું કારણ મુસ્લિમ તુષ્ટિકરણની નીતિ હતી. કોંગ્રેસે પોતે ‘વંદે માતરમ’ને ભારતનું રાષ્ટ્રીય ગીત જાહેર કર્યું હતું પણ મુસ્લિમોની નારાજગીના ડરે તેની ઉપેક્ષા થઈ અને તેની શરૂઆત ૧૯૩૭માં જ થઈ ગઈ હતી.

૧૯૩૭માં કોંગ્રેસનું અધિવેશન ફૈઝપુરમાં મળેલું. મુસ્લિમ લીગ દ્વારા અલગ પાકિસ્તાનની માગણી જોરશોરથી કરાઈ રહી હતી તેનો લાભ લઈને જવાહરલાલ નહેરૂએ ‘વંદે માતરમ’નું મહત્વ ઘટાડવાનો પેંતરો કર્યો. ‘વંદે માતરમ’મા માં સરસ્વતી, દુર્ગા અને લક્ષ્મીના ઉલ્લેખ ધરાવતા અંતરા છે. નહેરૂએ મમરો મૂક્યો કે, હિંદુ દેવીઓના કારણે મુસ્લિમો ‘વંદે માતરમ’ નહીં ગાય. કમનસીબે કોંગ્રેસમાં એ વખતે સરદાર વલ્લભભાઈ પટેલ સહિતના નેતાઓએ પણ આ વાતનો વિરોધ ના કર્યો અને પહેલા બે અંતરા જ રાષ્ટ્રગીત તરીકે માન્ય રાખ્યા હતા.

ભારતને આઝાદી પછી બંધારણ સભાએ રાષ્ટ્રગીત અંગે નિર્ણય લેવાનો હતો. કોંગ્રેસે ‘વંદે માતરમ’ને રાષ્ટ્રીય ગીત તરીકે સ્વીકાર્યું હોવાથી ‘વંદે માતરમ’ જ રાષ્ટ્રગીત બનશે એવું નક્કી માનતું હતું પણ કેટલાંક મુસ્લિમ સંગઠનો આડાં ફાટ્યાં. આ ગીતમાં માતાને પગે લાગવાની વાત છે ને આ ગીત હિંદુ ધર્મને લગતું છે એવો દાવો કરીને મુસ્લિમ સંગઠનોએ વિરોધ કર્યો.

કોંગ્રેસની આખી નેતાગીરી મુસ્લિમો સામે ઝૂકી ગઈ તેથી છેવટે ‘જન ગણ મન’ને રાષ્ટ્રગીત બનાવી દેવાયું. કોંગ્રેસે પહેલાં ‘વંદે માતરમ’ને રાષ્ટ્રીય ગીત જાહેર કરેવું તેથી શરમજનક સ્થિતીમાં ના મૂકાવું પડે એટલે નાક બચાવવા ‘વંદે માતરમ’ જાહેર કરાયું પણ રાષ્ટ્રીય સન્માન ના અપાયું. ૨૪ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ બંધારણ સભાના પ્રમુખ ડો. રાજેન્દ્ર પ્રસાદે જાહેરાત કરી કે, વંદે માતરમ ગીતે ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં ઐતિહાસિક ભૂમિકા ભજવી હોવાથી તેને રાષ્ટ્રગીત ગણીને જન ગણ મન જેટલું માન અને દરજ્જો આપવામાં આવશે પણ બંધારણમાં એ દરજ્જો નહોતો અપાયો. રાષ્ટ્રગીતના અપમાન અને અનાદરને ગુનો ગણીને સજા કરવાની જોગવાઈ કરાઈ પણ રાષ્ટ્રીય ગાન માટે એ જોગવાઈ ના થઈ.

■■■

‘વંદે માતરમ’ માત્ર ગીત નથી પણ રાષ્ટ્રપ્રેમની પ્રબળ લાગણી ઉભું કરનારું ટોનિક છે.

આઝાદીના જંગમાં ‘વંદે માતરમ’ની લોકપ્રિયતા બીજા કોઈ પણ ગીત કરતાં વધારે હતી. મૂળ તો બંકિમચંદ્રે ૧૮૭૫માં આ ગીત રચેલું પણ તેની જોરદાર લોકપ્રિયતાના કારણે ૧૮૮૨માં પ્રસિધ્ધ થયેલી આનંદમઠ નવલકથામાં તેનો સમાવેશ કર્યો. એ વખતે જ આ ગીત ઘેર ઘેર જાણીતું હતું. વંદે માતરમની લોકપ્રિયતા કેવી ગજબનાક હતી તે સમજવા કેટલીક ઘટનાઓ પર નજર બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય (તેમની ‘આનંદમઠ’ નવલકથામાંથી).

૧૮૭૫: પ્રથમ વખત રચના થઈ.

૧૮૮૨માં ‘આનંદમઠ’ નવલકથામાં સમાવેશ સાથે ‘વંદે માતરમ’ આગની જેમ પ્રસર્યું. ૧૮૮૫માં કોંગ્રેસની સ્થાપના થઈ ત્યારે કોંગ્રેસ અંગ્રેજોની પીઠ્ઠુ મનાતી હતી તેથી શરૂઆતનાં વરસોમાં તેની અવગણના થઈ પણ કોંગ્રેસ પર ભારતીયોનો પ્રભાવ વધતાં જ વંદે માતરમને કોંગ્રેસે પણ અપનાવવું પડ્યું. ૧૮૯૬માં રવીન્દ્રનાથ ટાગોરે સંગીતબધ્ધ કર્યું પછી કોંગ્રેસના અધિવેશનમાં પ્રથમવાર જાહેર વંદે માતરમ ગવાયું. કોંગ્રેસે ‘વંદે માતરમ’ અપનાવતાં જ ‘વંદે માતરમ’ દેશપ્રેમનું પ્રતિક બની ગયું. ૧૯૦૫માં ‘વંદે માતરમ’ સ્વદેશી આંદોલનનું મુખ્ય સૂત્ર હતું ને ૧૯૦૭માં મેડમ ભીકાજી કામાએ જર્મનીના બર્લિનમાં પહેલી વાર ભારતીય ધ્વજ લહેરાવ્યો તેના પર ‘વંદે માતરમ’ લખાયેલું હતું. ૧૯૦૯માં મદન લાલ ઢીંગરાએ ‘વંદે માતરમ’નો નારો ગજવીને ફાંસીના માંચડે ચડી ગયા હતા તો ૧૯૦૯માં પેરિસમાં રહેતા ભારતીયોએ જીનીવાથી ‘વંદે માતરમ’ નામનું મેગેઝિન શરૂ કર્યું હતું. રસપ્રદ વાત એ છે કે, ભારતને માતા ગણવાનો વિચાર મૂળ બંકિમચંદ્રનો નહોતો. બંગાળી લેખક કિરણચંદ્ર બેનરજીએ ભારત માતા નાટક લખીને આ વિચાર વહેતો કરલો. આ નાટક ૧૮૭૩માં પહેલી વાર ભજવાતાં એક રાષ્ટ્ર તરીકે ભારતના વિચારને બળ મળ્યું. બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયે તેના આધારે જ વંદે માતરમ લખ્યું અને આ વિચારને શબ્દદેહ આપ્યો. બિપિનચંદ્ર પાલે ભારત માતાના વિચારને હિન્દુત્વનો રંગ આપ્યો તો અબનિન્દ્રપાલ ટાગોરે ભારત માતાનું ચિત્ર બનાવી ભારત માતાની છબિ લોકોના માનસમાં મૂકી આપી. ‘વંદે માતરમ‘ ને યાદ કરીએ ત્યારે બંકિમચંદ્રની સાથે આ મહાન લોકોને પણ યાદ કરવા જોઈએ. ■

sanjogpurti@gmail.com

# ગુજરાતમાં વિનામૂલ્યે અને સરાજાહેર દારૂ પીવાની ગૂપ્ત ટેકનિક !



**ધીસ ઇઝ ધેટ**
નારન બારૈયા

(ગતાંકથી આગળ)

ચીયર્સ!: હવે એ હવામાં રહેલો ગ્લાસ હોઠે લગાવો. એક ઊંડો શ્વાસ લો. હવામાં જ સાવ નિરાંતે નિરાંતે ગટ-ગટ-ગટ કરતા ત્રણ-ચાર પિયાલા ગટગટાવી જાવ.

આટલું કરશો એટલે મગજમાં ડોપામાઈન રિલીઝ થશે અને તમને થોડી-થોડી ચડવા લાગશે. હવે મેઈન કામ શરૂ થાય છે. જેવી થોડી ચડે, એટલે કલ્પનાના જોરે એને ધક્કો મારીને વધુ ચડાવવાની છે!

તમારે તમારી જાતને મનોમન વડાપ્રધાન, વિશ્વનો રાજા, બ્રહ્માંડનો ઈન્દ્ર અથવા તો સાક્ષાત ઈશ્વર માની લેવાના છે. આ મારો ખુલ્લો દાવો અને ગેરંટી છે કે, તમે કલ્પનામાં જે માની લેશો, એ તમે એ જ ક્ષણે બની જશો

પૂરેપૂરો નશો મગજમાં વ્યાપી જાય એટલે ધીમે રહીને આંખો ખોલો. આહા! હવે તમને દુનિયા રંગીન અને ગોળ-ગોળ ફરતી લાગશે.

હવે તમારી પાસે બે રસ્તા છેઃ જો તમારે શાંતિ જોઈતી હોય, તો એ જ કાલ્પનિક નશાના આનંદ સાથે ખાટલામાં જઈને ઘોરવા માંડો (નસકોરાં બોલાવો). પણ જો તમે સાચા ગુજરાતી છો અને તમારે ‘આઠ આનાનો ડાન્સ’ કરવો છે, તો તમારે ગામમાં ‘ફાકા-ફોજદારી’કરવા જવાનું છે. બહાર નીકળો!

દુકાને, પાનના ગલ્લે, ચોકમાં કે કોઈક બીજી જાહેર જગ્યાએ જાઓ. પણ હા, ચાલવામાં ધ્યાન રાખજો. સીધું નથી ચાલવાનું. કલ્પનામાં ૩-૪ પેગ માર્યા છે એટલે થોડું થોડું લથડિયાં ખાતા ખાતા ચાલવાનું છે. બે ડગલાં ડાબી બાજુ, બે ડગલાં જમણી બાજુ. જેથી કરીને નશાનો સુંદર અહેસાસ આખી દુનિયાને થાય.

બસ, આ રીતે બહાર નીકળો અને વાતોથી દુનિયાને ખેદાન-મેદાન કરી નાખો. ગલ્લે જઈને ભાષણ આપો કે યુક્રેન અને રશિયાનું યુધ્ધ તમે કઈ રીતે રોકી શકો તેમ છો.

આ મારી સિસ્ટમનું, એટલે કે ‘બારૈયા સ્ટાઈલ‘નું સૌથી મોટું જમા પાસું શું છે ખબર છે? તમે આ રીતે ભરબજારે લથડિયાં ખાતા હશો, અને ધારો કે ગુજરાત પોલીસની પીસીઆર વાન આવી ગઈ. ઈન્સ્પેક્ટર તમને કોલર પકડીને બ્રેથ-એનલાઈઝર (પેલી ફૂંક મારવાનું મશીન) મોઢામાં નાખશે. તમે પૂરી તાકાતથી ફૂંક મારશો અને મશીનમાં આંકડો આવશેઃ 0.00%!

પોલીસ ગોથે ચડી જશે કે સાલો આટલો બધો પીધેલો છે, પણ મશીન કેમ નથી પકડતું? પોલીસ પણ તમને પકડી નહીં શકે. (ઈન્સ્પેક્ટર જમાદાર ને કહેશેઃ આ ભાઈને જ્યાં જતા હોય ત્યાં જવા દો અને આ મશીનને રીપેર કરવા માટે જવા દો!)

કાયદાની કોઈ કલમ ‘કાલ્પનિક દારૂ’ માટે બની જ નથી! અને આખા ખેલમાં તમારે એક પણ રૂપિયાનો ખર્ચ થયો જ નથી! ખર્ચો ઝીરો અને નશો હીરો!

તમને કદાચ લાગતું હશે કે હું હવામાં ગોળીબાર કરી રહ્યો છું, પણ મારી આ થિયરીને મોટા ગજાના સાહિત્યકારો અને કલાકારોનું સમર્થન પ્રાપ્ત છે.

એકવાર મેં પોરબંદરના પ્રખ્યાત શ્રી હરિ મંદિર ખાતે ભજન સમ્રાટ અનુપ જલોટાનો ઈન્ટરવ્યૂ કર્યો હતો. વાતો વાતોમાં તેમણે ડો. હરિવંશરાય બચ્ચનની પ્રખ્યાત રચના ‘મધુશાલા’ (દારૂખાનું) ના ભરપેટ વખાણ કર્યા. કવિતાની પંક્તિઓ ગાઈ ગાઈને સંભળાવી.

તે વખતે હું થોડો ભોળો હતો એટલે મેં એમને સીધો જ પ્રશ્ન પૂછી લીધો કે, ‘જલોટાજી, તમે તો ભજન ગાવ છો, તો તમને દારૂ અને મધુશાલા પ્રત્યે આટલો બધો પ્રેમ કેમ છે?!’

ત્યારે એમણે હસીને એક બહુ જ ગહન વાત કહી હતી. તેમણે કહ્યું: ‘અરે ભાઈ! મધુશાલા એ કોઈ પીવાનો દારૂ નથી, પરંતુ અંતરના આનંદની, આત્માની મસ્તીની એક અનોખી રીત છે. એમાં જે નશો છે તે આધ્યાત્મિક છે!’

બસ! એ દિવસે મને જ્ઞાન લાધ્યું હતું. તો હવે વિનામૂલ્યે અને સરાજાહેર દારૂ પીવાની મારી આ નવી શોધ વિશે હું અંતમાં આટલું જ કહીશ કેઃ

તમારી કલ્પનાને એટલી મજબૂત કરો, એટલી ઘાટી અને સ્ટ્રોંગ બનાવો કે તમને એમ જ લાગે કે આ કોઈ કલ્પના નથી પણ બ્લેકમાં લાવેલો વાસ્તવિક ઓરિજિનલ દારૂ જ છે. આ રીતે વાસ્તવિકતાથી, વાસ્તવિકતાપૂર્વક કાલ્પનિક દારૂ પીવો, મફતમાં નશો કરો અને જીવનની મોજ કરો!


(અંતિમ નોંધઃ જો આ છેલ્લું વાક્ય વાંચીને તમારું મગજ ચકરાવે ચડી ગયું હોય અને તમને કશું જ ન સમજાયું હોય, તો એનો સીધો અર્થ તમારે એ જ કરવાનો કે આ લેખ લખતા લખતા મને પણ થોડી ચડી ગઈ છે, અને વાંચતા વાંચતા તમને પણ મફતમાં થોડી ચડી ગઈ છે!

યાહૂઉઉઉઉઉઉઉઉ...!) ■

naranbaraiya277@gmail.com

# તિરંગો દેશની ભવ્યતા છે...





**સામાજિક અને શૈક્ષણિક**
ડો. વિપુલ.ડી. પટેલ
(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

૧૫મી ઓગસ્ટના રોજ ૮૦મો સ્વતંત્ર દિવસ છે.દેશમાં દર વર્ષે રાષ્ટ્રીય તહેવાર તરીકે ઉજવવામાં આવે છે. ભગતસિંહ એ કહયુ છે કે સૌથી મોટામાં મોટો ધર્મ રાષ્ટ્રધર્મ છે. પ્રાથમિક શાળાથી માંડીને હાયર એજ્યુકેશન સુધી બાળકો દ્વારા તેમજ સરકારી કચેરીમાં તિરંગાને સલામી આપવામાં આવે છે. ચંદ્રશેખર આઝાદે કહ્યું છે કે મારા શરીરમાં છેલ્લા બુંદ સુધી લોહી હશે ત્યાં સુધી હું મારા દેશ માટે લડતો રહીશ. સાચી ભક્તિ રાષ્ટ્રની સેવામાં છે.ઉમાશંકર જોશી એ કહ્યું છે કે દેશ આઝાદ થતા તો થઈ ગયો તે શું કર્યું? હવે દેશ આઝાદ થયો છે તેને પુનઃ ગુલામી તરફ લઈ જવો હોય તો દેશના અહિતમાં કાર્ય કરીશું. તિરંગાને મહામહિમ રાષ્ટ્રપતિથી સામાન્યજન સલામી આપીને દેશપ્રેમ વ્યક્ત કરે છે. તિરંગાયાત્રા કરવાથી કદાચ પ્રજા એકત્ર થઈ શકશે. પરંતુ રાષ્ટ્રવાદ નિર્માણ કરવું હશે તો જે ક્ષેત્રમાં આપણને જવાબદારી પ્રાપ્ત થઈ છે તે પ્રમાણે નિષ્ઠા અને પ્રમાણિતતાથી કાર્ય કરવું પડશે.

“હર ઘર તિરંગા” (Har Ghar Tiranga) એ ભારત સરકાર દ્વારા “આઝાદી કા અમૃત મહોત્સવ” અંતર્ગત શરૂ કરાયેલું એક લોકપ્રિય અને વ્યાપક રાષ્ટ્રીય અભિયાન છે.આ અભિયાનનો મુખ્ય હેતુ નાગરિકોના હૃદયમાં દેશભક્તિની ભાવના જગાડવાનો અને આપણા રાષ્ટ્રીય ધ્વજ (તિરંગા) પ્રત્યેના આદર તથા લગાવને વધુ મજબૂત કરવાનો છે.

આ અભિયાનની શરૂઆત અને હેતુ વર્ષ ૨૦૨૨માં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના આહ્વાનથી દેશભરમાં શરૂ કરવામાં આવ્યું હતું, જે હવે જનભાગીદારીના એક વિશાળ રાષ્ટ્રીય ઉત્સવ તરીકે દર વર્ષે ઉજવવામાં આવે છે.તેનો મુખ્ય ઉદ્દેશ્ય અગાઉ રાષ્ટ્રધ્વજ સાથેનો આપણો સંબંધ મોટે ભાગે સરકારી કે સંસ્થાગત ડાયરા પૂરતો મર્યાદિત હતો. આ અભિયાનનો હેતુ દરેક નાગરિકને પોતાના ઘરે, દુકાનો અને સંસ્થાઓ પર ગર્વથી તિરંગો ફરકાવવા માટે પ્રોત્સાહિત કરવાનો છે, જેથી રાષ્ટ્રધ્વજ સાથે દરેક નાગરિકનું વ્યક્તિગત અને ભાવનાત્મક જોડાણ સ્થાપિત થઈ શકે. આ વર્ષની વિશેષતાઓ (હર ઘર તિરંગા) વંદે માતરમ્ ગાનના ૧૫૦ વર્ષ. આ અભિયાન અંતર્ગત દેશના સ્વતંત્રતા પર્વની સાથે-સાથે આપણા રાષ્ટ્રીયગીત ‘વંદે માતરમ’ના ૧૫૦ વર્ષની ગૌરવશાળી ઉજવણીની થીમ પણ સામેલ કરવામાં આવી છે. આ અભિયાન હેઠળ દેશભરમાં વિવિધ કાર્યક્રમો જેવા કે તિરંગા યાત્રા, બાઈક કે સાયકલ રેલીઓ, તિરંગા કોન્સર્ટ, સેલ્ફી પોઈન્ટ્સ, રંગોળી સ્પર્ધાઓ અને દેશના સ્વતંત્રતા સેનાનીઓ તથા વીર જવાનોનું સન્માન કરવામાં આવે છે.

ગુજરાતમાં પણ આ અભિયાન અંતર્ગત રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમો અને ભવ્ય તિરંગા યાત્રાઓનું આયોજન કરવામાં આવે છે. સરહદી વિસ્તારોથી લઈને મોટા શહેરો સુધી લાખો નાગરિકો ઉત્સાહભેર પોતપોતાના ઘરો પર તિરંગો લહેરાવીને રાષ્ટ્રીય ગૌરવ વ્યક્ત કરે છે. રાષ્ટ્રીય ધ્વજ (તિરંગા) વિશે ટૂંકી માહિતી ત્રણ રંગો અને તેમનો અર્થ કેસરી રંગ શૌર્ય,સાહસ અને બલિદાનનું પ્રતીક છે.સફેદ રંગ શાંતિ, સત્ય અને શુદ્ધતાનું પ્રતિનિધિત્વ કરે છે.લીલો રંગ સમૃધ્ધિ, ખુશાલી, વિશ્વાસ અને પ્રગતિનું પ્રતીક છે. અશોક ચક્ર સફેદ પટ્ટીની મધ્યમાં નીલા રંગનું ચક્ર છે, જેમાં ૨૪ આરા (સ્પોક્સ) હોય છે, જે પ્રગતિ અને ગતિશીલતા સૂચવે છે.

હર ઘર તિરંગાએ આપણા દેશની આન, બાન અને શાન છે. તિરંગા માટે ભારતના ઘણા બધા ક્રાંતિકારીઓએ પોતાના પ્રાણની આહુતિ આપી છે ત્યારે જ આજે આપણે સ્વતંત્રતાનો શ્વાસ લઈ શકીએ છીએ. મેં મેરે દેશ કો ઝૂકને નહીં દૂંગા.આ વિચાર રાષ્ટ્રભાવના સાથે જોડાયેલો છે. આજે આપણે બધા પ્રતિજ્ઞાપત્ર બોલીએ છીએ પરંતુ તેનું ચુસ્ત અમલીકરણ કરવામાં ઊણા ઉતર્યા છે. વંદે માતરમ.. ભારત માતાકી જય આ ૧૪૦ કરોડ લોકોનો અવાજ છે.તિરંગો દેશપ્રેમ વ્યક્ત કરે છે.વિશ્વમાં ભારતની ભવ્યતા અને દિવ્યતા વ્યક્ત કરે છે.

આજે તિરંગા રેલી સમગ્ર ગુજરાતમાં નીકળી રહી છે. ૧૫મી ઓગસ્ટના દિવસે તિરંગા રેલી કાઢવાથી રાષ્ટ્રપ્રેમ કદાચ શ્રેણીક હશે. પરંતુ પ્રત્યેક શ્વાસમાં મારા દેશને ગરીમા અને ગૌરવ જે દિવસે વ્યાપી જશે ત્યારે ભારતની ભવ્યતા વિશ્વ ફલક ઉપર દેખાશે.આજે દેશમાં ગરીબી, બેરોજગારી, બેકારી, બેઈમાની, ભ્રષ્ટાચાર, સાઈબર ક્રાઈમ, પ્રદૂષણ, ભેળસેળ, જાતિવાદ, છૂત અછૂત, અનામત, કરચોરી ટ્રાફિક સમસ્યા જેવા અનેક પ્રશ્નો જનતાના સેવકો અને જનતા દ્વારા ઉદભવ્યા છે.તેનું નિરાકરણ એક જ શબ્દમાં આવી શકે એમ છે અને એ રાષ્ટ્રવાદ. હું મારા રાષ્ટ્ર માટે શું શ્રેષ્ઠ કરી શકું? આ બાબત દરેક જનતાના માનસમાં ફીટ થશે ત્યારે તિરંગો ગગનમાં વિહરશે.

૧૫મી ઓગસ્ટના સ્વતંત્ર દિવસે સૌ નાગરિકોને શુભકામનાઓ પાઠવું છું. દેશમાં જ અમીચંદો અને ગદ્દારો રહે છે. દેશપ્રેમ એજ ભક્તિ, ભાવના અને ભવ્યતા છે. સરદાર પટેલ ની અસ્મિતા એક વખત પ્રજાએ જોઈ લેવાની જરૂર છે. ‘વંદે માતરમ’.. ‘ભારત માતાકી જય’... ■

Mo.9825702282

# વજન કેમ નથી ઘટતું ? Crotisol અને Stress ની ભૂમિકા સમજો



## હોમિયોપેથીનો વ્યક્તિગત અભિગમ

કોઈ વ્યક્તિ:

સતત overthinking કરે છે,

પોતાની જાતને વારંવાર judge કરે છે,

પોતાની જરૂરિયાતોને મહત્વ આપતી નથી,

લાગણીઓને દબાવી રાખે છે,

પ્રેમ, દુઃખ, અપમાન કે betrayal જેવી લાગણીઓ અંદર જ રાખે છે,

સંબંધોમાં તણાવ અનુભવે છે,

અથવા સતત ''મારે કીર્ષ઼ બનવું છે'' એવો દબાણ રાખે છે,

તો તેની માનસિક સ્થિતિ ઊંઘ, ભૂખ અને ખાવાની આદતોને અસર કરી શકે છે.

તેથી માત્ર ''શું ખાધું?'' નહીં, પરંતુ ''શા માટે ખાધું?'' એ પ્રશ્ન પણ મહત્વનો છે.

**Emotional Eating – ભૂખ પેટની કે મનની?**

ક્યારેક વ્યક્તિને સાચી ભૂખ ન હોય છતાં stress, sadness, loneliness અથવા emotional pressure દરમિયાન ખાવાની ઈચ્છા થાય છે.

મીઠી વસ્તુઓ, comfrot food અથવા વારંવાર snacking તરફ ખેંચાણ થઈ શકે છે.

એટલે ક્યારેક વજન ઘટાડવાની શરૂઆત ''ખાવાનું ઓછું કરવાથી'' નહીં પરંતુ ''પોતાની લાગણીઓને સમજવાથી'' થાય છે.

તમારી જાતને પણ મહત્વ આપો

સ્વસ્થ વજન ઘટાડવામાં માત્ર diet chart નહીં, પરંતુ lifestyle પણ મહત્વપૂર્ણ છે.

પૂરતી અને નિયમિત ઊંઘ

નિયમિત શારીરિક પ્રવૃત્તિ

ધ્યાન અને meditation

સતત overthinking ઘટાડવું

પોતાની જાતને judge કરવાનું ઓછું કરવું

ભાવનાઓને સ્વસ્થ રીતે વ્યક્ત કરવી

સંતુલિત ખોરાક

અતિશય fastingથી બચવું

લાંબા ગાળે જાળવી શકાય તેવી diet પસંદ કરવી

ડાયટમાં ક્યારેક planned trea રાખવાથી પણ વ્યક્તિને લાંબા ગાળે diet જાળવવામાં મદદ મળી શકે છે પરંતુ તેનુ uncontrolled overeatingનું કારણ ન બનવા દેવું.

એક દિવસનો Cheat Day કે જીવનભરની Healthy Routiહી?

વજન ઘટાડવા માટે એવી ડાયટ પસંદ કરવી વધુ યોગ્ય છે જે તમે મહિનાઓ અને વર્ષો સુધી જાળવી શકો.

અતિશય restrictionથી ઝડપથી વજન ઘટી શકે છે, પરંતુ જો તે જીવનશૈલીમાં ટકી ન શકે તો ફરી વજન વધવાની શક્યતા રહે છે.

વજન ઘટાડવાનો સાચો પ્રશ્ન:

''હું કેટલું ઓછું ખાઈ શકું?'' નહીં,

પરંતુ ''હું કઈ સ્વસ્થ આદતો જીવનભર જાળવી શકું?''

તો શું crotisol s root cause છે?

દરેક વ્યક્તિ માટે નહીં.

કોર્ટિસોલ શરીરના stress responseનો મહત્વપૂર્ણ ભાગ છે, પરંતુ વજન ન ઘટવાનું એકમાત્ર કારણ માનવું યોગ્ય નથી. જો સાથે ચહેરો ગોળ થવો, શરીરના ઉપરના ભાગમાં ચરબી વધવી, ત્વચામાં વિશિષ્ટ ફેરફારો, અતિશય નબળાઈ, ચક્કર, માસિકમાં ફેરફાર અથવા અન્ય હોર્મોનલ લક્ષણો હોય તો યોગ્ય તબીબી મૂલ્યાંકન જરૂરી છે.



હોમિયોપેથીક
ડો. જીતેન્દ્ર પટેલ
સહ લેખીકા :
ડો. નંદિની જોટાંગિયા

સાચો અભિગમ એ છે કે માત્ર વજનને નહીં, પરંતુ આખા વ્યક્તિને સમજવામાં આવે.

''વજન એ માત્ર એક નંબર છે; શરીર અને મન દ્વારા આપવામાં આવતા સંકેતો એ સાચી કહાની છે.''

નોંધ: ઉપરોક્ત માહિતી સામાન્ય આરોગ્ય જાગૃતિ માટે છે. કોર્ટિસોલ અથવા કોઈપણ હોર્મોનલ સમસ્યાનું નિદાન માત્ર લક્ષણોના આધારે ન કરવું. જરૂરી હોય ત્યારે યોગ્ય તબીબી તપાસ અને નિષ્ણાતની સલાહ લેવી.

sanjogpurti@gmail.com

# બનેવીલાલે આવતાં વેંત જ બેરાલાલને ઉઘડો લીધો

''બેરાલાલ! તમે તમારાં પપુડાનું ક્યાંય ગોઠવ્યું કે નહીં? હવે ઉંમર કાતરા કાઢે છે, હોં. ગમે ન્યા ,ગમે એમ કરીને એને ડાળે વળગાડી દો. પછી પસ્તી માંય નહી હાલે.'



બનેવીલાલે આવતાં વેંત જ બેરાલાલને ઉઘડો લીધો.

બેરાલાલ તૈયાર જ હતાં. શબ્દો હોઠની બારીએ લટકીને ઊભાં જ હતાં.

''છે, તમારાં ધ્યાનમાં કોઈ કન્યા? હવે તો આધેડ મહિલા હશે તોય હાલશે. બે ટંક રોટલા ટીપી દે તોય બસ ! આપણે ઠાઠ માટે વાળી નો મળે તો વાંધો નથી.''

''ઠેકાણાં તો ઘણાધ્'ય છે. પણ, ખાટલે મોટી ખોડ છે. કે, ઘણાંને હું જોઈએ છે? ઈ જ ખબર નથી. બસ! હારું ગોતવું છે. હારાનો કોઈ માપદંડ નક્કી નથી.

હા, એક વાત કોમન જેવી હંભળાય છે કે, નોકરી જોઈએ છે. નોકરી નો હોય તો, છોકરો વિદેશમાં હોવો જોઈએ.''

''બનેવીલાલ! તમે તો જાણો છો કે, રાત દિવસ ગોતવા છતાંય એક છોકરી નથી મળતી. અને સરકાર આપે ઈ નોકરી ક્યાંથી મળે!?''

''બેરાલાલ! મારી પાંહે એક આઈડિયો છે. તમારી પાંહે પૈસા કેટલાં'ક !?''

''પૈસા તો નથી. પણ, છોકરી મળે તો પૈસા તો પાતાળમાંથી'ય પછાડશું.''

''તો પછી છોકરી પહેલાં નોકરી ગોતો ને!!''

''છે, તમારાં ધ્યાનમાં કોઈ નોકરી!?''

''હા..આ..! અમારી પાંહે તો હંધૂય હોય. નોકરી માટે તમારે ઝારખંડ જાવું પડે.''

''ઝારખંડ? ન્યા નોકરીનો ખજાનો મળ્યો છે?''

''તમે એમ જ હમજો. કે ખજાનો ય ટૂંકો પડે. ન્યા પરીક્ષાના પેપર જાહેરમાં વેચાય છે. અને નોકરી પેપરમાં વેચાય છે. પટ્ટાવાળો બનવું હોય તો, પાંચ લાખ. કારકૂન બનો તો દસ લાખ. મોટી નોકરીના પંદર વીસ લાખ અને ડોક્ટરના પસાહ લાખ.''



લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

''આ પૈસા કોને દેવાનાં? આજકાલ લે ભાગુ લોકો બહુ ફુટી નીકળ્યા છે. કોનાં ઉપર ભરોસો કરવો!?''

''તમારે સીધાં સરકારને જ પૈસા આપવાનાં છે. આંખો બંધ કરીને ભરોસો કરી દેવાનો. કારણ કે, સરકારે જ દુકાન ખોલી છે.''

''બનેવીલાલ તમે થોડાંક આગળ નીકળી ગયાં. મારે પપુડાને ડોક્ટર બનાવવો હોય તો, ઝારખંડ શા માટે જાવ ! આપણી બગલમા જ મહારાષ્ટ્ર છે. એમ.પી.અને મહારાષ્ટ્રની વચ્ચે આંતરિયાળ જિલ્લો ધુલે. અને એનું નાનકડું ગામ ગુર્હાડપાની ન્યા પપુડાને મૂકી આવું ને!!''

''અરે એ તો નાનકડું ૪૫૦ ની વસ્તી (આદિવાસી વસ્તી) નું ગામ છે. ન્યા પપુડો શું કરશે?''

''બનેવીલાલ! તમે આ ગામને ઓળખતાં નથી. છેલ્લા દસ વર્ષમાં આ ગામે ૧૩ ડોક્ટરો આપ્યાં છે. અને છેલ્લી નીટમા ૩ છોકરાઓ પાસ થયાં છે.

ઝારખંડમાં જઈને પસાહ લાખનો ખરસો કરું. એનાં કરતાં તો 'ગુર્હાડપાની 'નો મોકલું!??''

''બેરાલાલ! તમારી વાતમાં છે તો દમ. પણ, 'મન હોય તો માળવે જવાય'. અને 'કુવામાં હોય તો હવાડામાં આવે.' (ઘણીવાર કુવામાં ના હોય તોય હવાડામાં આવે છે) ઈ વાત જરા જુદી થઈ.''

''ના ના ના. જુદી નહીં! તમે હાસી વાત કરી છે. તમારે ક્યાંય દૂર જાવાની જરુર જ નથી. તમે આપણાં ડો. ગણેશ બારિયાને જ લય લો.''

''એટલે તમે હમણાં જ કે.બી.સી.ની નવી ૧૮ મી સીઝન મા અમિતાભ બચ્ચન હામેની હોટસીટ ઉપર બેઠેલ અને રૂપિયા પચ્ચીસ હજાર જ જીતેલ ડો.ગણેશ બારિયાની વાત કરો છો??''

''બનેવીલાલ! તમે કે.બી.સી ભૂલી જાવ, અમિતાભને ય ભૂલી જાવ અને રૂપિયા પચ્ચીસ હજારને તો હાવ જ ભૂલી જાવ. તમે સમગ્ર વિશ્વમાં માત્ર ૩ ફુટના એક માત્ર ડો.ગણેશ બારિયાને યાદ રાખો. એની કહાનીને યાદ રાખો.''

''તો કહો યાદ રાખીએ.. ''

''તળાજા પાસેનું એક ગામ,'ગોરખી' વિઠ્ઠલભાઈ બારિયા વાડીએ છાપરાવાળા મકાનમાં રહે.

ગણેશ પહેલેથી જ વધ્યો નહીં. પણ, ભણવામાં ખૂબ વધ્યો. ધોરણ ૧૦ માં ૯૪ ટકાએ પાસ થયો.

સર્કસ વાળાઓ આવીને કહી ગયાં કે ગણેશને અમને આપી દો. અમે ગણેશની કિંમત રૂપિયા પાંચ લાખ આપીશું. પરંતુ, વિઠ્ઠલભાઈએ પાંચ લાખમા રસ નો લીધો. અંતે શિક્ષકોએ ખૂબ રસ લયને ડોક્ટર બનાવવાનું નક્કી કર્યું. ૧૨ પાસ, નીટ પાસ . પણ, અડચણ આવી હવે.

'મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ' આમનો પ્રવેશ રદ કર્યો. કારણ હતું, ૩ ફુટનો માણસ ડોક્ટર ના બની શકે. હાઈકોર્ટે પણ વહારે ના આવી. ગણેશ અને શિક્ષકો ખૂબ રડ્યાં. પણ, 'શિક્ષક કદી સામાન્ય નહીં હોતાં' આ યુક્તિ અહીં આવીને બેસી ગઈ.

સુપ્રિમ કોર્ટે ૨૨ ઓક્ટોબર ૨૦૧૮ મા ફેંસલો કર્યો ..

૨૦ કિલો વજન અને ૩ ફુટની ઊંચાઈ કોઈને ડોક્ટર બનતાં રોકી શકે નહીં.''

''સરવાળે ભાવનગરની સર ટી. હોસ્પિટલ સંલગ્ન મેડિકલ કોલેજમાં ૧ ઓગસ્ટ ૨૦૧૯ માં એમ.બી.બી.એસ.મા પ્રવેશ લીધો. અને ૨૦૨૪ મા પાસ પણ કર્યું.


આજે ગણુંશ બારિયા એજ સર ટી હોસ્પિટલમાં મેડિકલ ઓફિસર તરીકે ફરજ બજાવી લોકોની સેવા કરે છે.''

''હવે તમે જ કહો, મારે પપુડાને ઝારખંડ મોકલવો? કે ગુજરાતમાં જ રાખવો??''

kalubhaibhad123@gmail.com

# જાણીએ ફિઝિયોથેરાપીનું એ ટુ ઝેડ

દેશના કે રાજ્યના ઘણા-ખરા લોકોને ફિઝિયોથેરાપી વિશે સ્પષ્ટ સમજ કે ખબર નથી. ત્યારે ફિઝિયોથેરાપીનું એ ટુ ઝેડ જાણીએ..



કસરત અર્થાત્ વ્યાયામ દ્વારા શરીરના સાંધાની નબળાઈ કે વેદના દૂર કરવા તથા મહત્તમપણે કાર્યરત કરી માંસપેશીઓને સક્રિય કરી કરાતા ઉપચારને ફિઝિયોથેરાપી કહે છે. ફિઝિયોથેરાપીમાં દવા અપાતી નથી, જેથી આ સારવારની કોઈ આડઅસર થતી નથી. ખાસ વાત એ કે, ફિઝિયોથેરાપી જો લાંબા સમય સુધી અને નિયમિતપણે લેવામાં આવે તો જ તેની અસર દેખાય છે અને તકલીફ મટે છે. ફિઝિયોથેરાપીની સારવાર કરનાર તજજ્ઞને ફિઝિયોથેરાપિસ્ટ કહે છે.

શરીરની અમુક તકલીફમાં જો તમે દવા લેવા ઈચ્છતા ના હોવ તો, નિષ્ણાત અને હોશિયાર ફિઝિયોથેરાપિસ્ટનાં સલાહ-સૂચન, માર્ગદર્શન અને ફિઝિયોથેરાપી સારવારથી દવા વિના પણ રોગને મટાડી શકો છો. ફિઝિયોથેરાપીમાં દર્દીને દવાથી નહિ પણ કસરતથી સારું થાય છે કે તેનો રોગ કે સમસ્યા મટે છે. ફિઝિયોથેરાપી દ્વારા દવા વગર, કસરત અને હાથથી તથા વિદ્યુતચુંબકીય ઉપકરણથી પણ સારવાર અપાય છે.

- ફિઝિયોથેરાપી એટલે શું?:

ફિઝિયોથેરાપી એ પીડા મટાડવા, ઘટાડવા અને વ્યક્તિના આરોગ્યને પ્રોત્સાહન આપવાની થેરાપી છે. ફિઝિયોથેરાપિસ્ટ બનનારને મેન્યુઅલ થેરાપીમાં સઘન તાલીમ અપાય છે, જેનો અર્થ એ કે તે દર્દીઓ સાથે ''હેન્ડ ઓન'' છે. જેમાં મસાજ, સંયુક્ત ગતિશીલતા, મોબિલાઈઝેશન, મેનીપ્યુલેશન અને સ્નાયુનું ખેંચાણ હોઈ શકે છે. જે આપણે વિવિધ તકનીકથી મેળવીએ છીએ. ફિઝિયોથેરાપીમાં મેન્યુઅલ કૌશલ્યને પૂરક બનાવવા, ક્યારેક હોટ પેક, બરફ, ટેન્સ(**TENS**), ઈલેક્ટ્રિકલ સ્ટીમ્યુલેશન, અલ્ટ્રાસાઉન્ડ અને લેસર ટ્રીટમેન્ટ સહિત પીડા કે બળતરા ઘટાડવા વિવિધ પધ્ધતિનો ઉપયોગ થાય છે. એક્યુપંક્ચર, નિડલિંગ થેરાપી, કપિંગ થેરાપી અને એક્વા થેરાપીનો પણ સમાવેશ થાય છે.

- ફિઝિયોથેરાપીનું મહત્ત્વ:

જો પીડા એક સમસ્યા છે, તો ફિઝિયોથેરાપી એનો ઉકેલ છે. અભ્યાસ અને અનુભવ સાબિત કરે છે કે ફિઝિયોથેરાપી એ નાનાથી માંડી મોટા દુખાવા અને ઈજા સામે ખૂબ અસરકારક થેરાપી છે. સ્નાયુઓના દુખાવા કે અસ્થિરતાથી છુટકારા માટે ફિઝિયોથેરાપિસ્ટ સ્ટ્રેચ, વ્યાયામ, હીટ થેરાપી, મસાજ કે ટ્રેક્શન જેવી વસ્તુ સૂચવે છે. કે પછી સમસ્યાની ગંભીરતા કે સ્થિતિ મુજબ તેને જોડી શકે છે. માથાના કે સ્નાયુના દુખાવાથી બચવા માટે કેટલીકવાર પેઈનકિલર અસરકારક હોય છે, પરંતુ તેની મર્યાદા અને આડઅસર પણ હોય છે. ફિઝિયોથેરાપી ઉપલા સ્તરના દુખાવા અને ઈજા સાથે વ્યવહાર કરે છે. તેથી તેના મહત્ત્વને કોઈપણ રીતે નકારી શકાય નહીં. ફિઝિયોથેરાપીનું મહત્ત્વ એ હકીકતથી જોઈ-જાણી શકાય છે કે, શ્વસન રોગ જેવા કે દમ, અસ્થમા, સીઓપીડી અને બ્રોન્કાઈટિસ જેવા રોગોમાં ફિઝિયોથેરાપી ખૂબ ઉપયોગી નિવડે છે. વિવિધ જાતની સર્જરી કે ઓપરેશન જેવાં કે ની રિપ્લેસમેન્ટ, હિપ રિપ્લેસમેન્ટ, હાર્ટ સર્જરીની પહેલાં અને પછી પણ ફિઝિયોથેરાપી ખૂબ જ જરૂરી છે. જેથી, દર્દી જે કસરત કરે છે એનાથી તે જલ્દી સ્વસ્થ થઈ શકે છે.

- ફિઝિયોથેરાપી વિશેની ગેરમાન્યતા:

(૧) વ્યક્તિ ફિઝિયોથેરાપિસ્ટને બતાવવા જાય તો રેફરલ જરૂર પડે છે.

હા, ફિઝિશિયન એન્ડ સર્જન ફિઝિયોથેરાપી માટે એક દર્દીને રેફરલ આપે છે, પણ એનો અર્થ એ નથી કે ફિઝિયોથેરાપિસ્ટને મળવા હંમેશા રેફરલ મેળવવો પડે. વ્યક્તિ ફિઝિયોથેરાપિસ્ટ પાસે જઈ તપાસ કરાવી શકે છે. અમુક કિસ્સામાં ફિઝિયોથેરાપિસ્ટને લાગે કે ફિઝિયોથેરાપીથી સારવાર કરાઈ તેમ નથી, તો તે નિષ્ણાત ડોક્ટરને રીડાયરેક્ટ કરે છે.

(૨) ફિઝિયોથેરાપી માત્ર વિદ્યુત મશીન અને કોઈ પધ્ધતિથી જ થાય છે.

ફિઝિયોથેરાપી એક રીહેબિલિટેટિવ વિજ્ઞાન છે, જે દર્દીના ઈલાજ માટે મુખ્યત્વે કસરત પર ધ્યાન આપે છે. જેમાં ઈલેક્ટ્રિકલ પધ્ધતિથી કે મશીનથી જે-તે પીડામાં રાહત મળે છે. લાંબા ગાળાના સારા પરિણામ મેળવવા, રીહેબિલિટેટિવ કાર્યક્રમ પણ જરૂરી છે.

(૩) ફિઝિયોથેરાપિસ્ટ માત્ર સ્નાયુ, અસ્થિબંધન કે લીગામેન્ટ સંબંધી સમસ્યા કે રમતગમતમાં થતી ઈજાની સારવાર કરે છે.

ફિઝિયોથેરાપીમાં હાડકાં, લિગામેન્ટ અને સ્નાયુ સંબંધી બીમારી સિવાય પિડિયાટ્રિક કંડિશન જેવી કે ડિલે ડેવલપમેન્ટ, સેરેબ્રલ પાલ્સી, સ્પાઈના બાય ફિડા જેવી સમસ્યાની સારવાર કરાય છે. ન્યુરોલોજિકલ કંડિશન જેવી કે, સ્ટ્રોક, પાર્કિન્સન જેવી સમસ્યામાં સારવાર આપે છે. વૃધ્ધજનોની ગતિશિલતા, બેલેન્સ અને કો-ઓર્ડિનેશન જાળવવામાં ફિઝિયોથેરાપી મહત્ત્વનો ભાગ ભજવે છે. પ્રેગનન્ટ મહિલાઓને પ્રેગનન્સી પૂર્વે, પ્રેગનન્સી દરમિયાન અને પ્રેગનન્સી પછી ફિઝિયોથેરાપી મહત્ત્વનો ભાગ ભજવે છે. જેમાં પેલ્વિક ફ્લોરની એક્સરસાઈઝ, યુરિન સમસ્યામાં એક્સરસાઈઝ કરાવાય છે.

(૪) ફિઝિયોથેરાપી કામચલાઉ સુધારો કરે છે, જેમાં તાત્કાલિક પરિણામ મળતું નથી.

ફિઝિયોથેરાપી
ડો.કોમલ પંચાલ
(ફિઝિયોથેરાપિસ્ટ)



ફિઝિયોથેરાપી કાયમી ઉપચાર છે, તેનો હેતુ માત્ર ઈલાજ નથી પણ દર્દીને ફરી ઈજા થતી અટકાવે છે. એક સારા, અધિકૃત અને સુદ્રઢ અભ્યાસ કરી ચૂકેલા ફિઝિયોથેરાપિસ્ટને હંમેશા ખબર હોય છે કે ફિઝિયોથેરાપી માત્ર કામચલાઉ નહીં, પણ લાંબા ગાળાના લાભ આપે છે. ખાસ પરિસ્થિતિમાં તાત્કાલિક પરિણામ મળે છે. જો કે, સ્ટ્રોકના દર્દીમાં ક્યારેક લાંબો સમય લાગી શકે છે.

(૫) સર્જરી જ એકમાત્ર વિકલ્પ છે.

ઘણા કિસ્સામાં, ફિઝિયોથેરાપી અસરકારક સારવાર સાબિત થઈ છે- રોટેટર કફ ઈજા, સોલ્ડર ડિસલોકેશન, ગાદી કે ઘૂંટણનો ઘસારો.. હકીકતમાં, ફિઝિયોથેરાપી ઉપચાર શ્રેષ્ઠ સ્વરૂપ છે. જ્યાં સુધી, દર્દીની સ્થિતિ ફિઝિયોથેરાપીથી સારી થઈ શકતી હોય ત્યાં સુધી દર્દીને ઓપરેશન તરફ જતા રોકવામાં ફિઝિયોથેરાપી સફળ નિવડી છે.

(૬) ફિઝિયોથેરાપી એટલે મસાજ થાય છે.

આ વાત તદ્દન પાયાવિહોણી છે. ફિઝિયોથેરાપિસ્ટ એ મસાજ આપતા કે મસાજ કરનારા ડોક્ટર નથી. ફિઝિયોથેરાપી તકનીક જેવી કે માયોફેસિઅલ રિલીઝ કે ડીપ ટિશ્યૂ રિલીઝ તરીકે ઓળખાય છે. જ્યાં ફિઝિયોથેરાપિસ્ટ સ્નાયુના અસરગ્રસ્ત જૂથ કે પીડાદાયક ચોક્કસ સ્નાયુઓની સારવાર કરે છે, જેની તુલના મસાજ સાથે કદી ના થઈ શકે. ફિઝિયોથેરાપિસ્ટને દરેક સ્નાયુની રચના, સ્થિતિ અને સ્થાન વિશે સંપૂર્ણ જ્ઞાન હોય છે. તેમણે તેનો અભ્યાસ કર્યો હોઈ, તે મુજબ તેઓ સ્નાયુની સારવાર કરે છે. (ક્રમશઃ)

sanjogpurti@gmail.com

# નટખટ છત્રી



વરસાદની ઋતુ શરૂ થઈ ગઈ હતી. આકાશમાં કાળાં-કાળાં વાદળો ઘેરાયેલાં હતાં. ઝરમર ઝરમર વરસાદ વરસી રહ્યો હતો. એવામાં ચિન્ટુ છત્રી લઈ બહાર નીકળ્યો. તેને વરસાદમાં રમવું, પલળવું અને પાણીમાં છબછબિયાં કરવાં ખૂબ ગમે.

તેની પાસે એક છત્રી હતી. જે ચળકતા પીળા રંગની હતી. તેને એ છત્રી ખૂબ ગમતી. તે આ છત્રી લઈને જ નીકળતો. શાળાએ પણ તે છત્રી લઈને જ જાય.

એક દિવસ તે છત્રી લઈને નીકળ્યો. જેવો એ બહાર નીકળ્યો ને વરસાદ શરૂ થઈ ગયો. તેણે તરત તેની પીળી છત્રી ખોલી. અચાનક જ છત્રીની અંદરથી એક ઝીણો, મીઠો અને રમૂજી અવાજ આવ્યો, ''અરે વાહ! કેવો સરસ મજાનો વરસાદ પડે છે. ઠંડક પણ સરસ મજાની છે! આજે તો ખૂબ મજા પડશે!''

અચાનક અવાજ સાંભળી ચિન્ટુને નવાઈ લાગી. તેણે આમતેમ જોયું. રસ્તા પર તો બીજું કોઈ જ ન હતું. તેને થયું કે આ અવાજ ક્યાંથી આવ્યો? ત્યાં તો છત્રી ફરીથી હસીને બોલી, ''અરે ચિન્ટુ! નીચે શું જુએ છે? ઉપર જો ઉપર! હું તો તારી બરાબર ઉપર છું!''



રે વાર્તા!
મનીષ સુથાર

ચિન્ટુએ ઊંચે જોયું. અરે આ તો નવાઈ જેવી વાત! આ તો તેની પીળી છત્રી જ બોલી રહી હતી. ચિન્ટુ તરત સમજી ગયો કે આ કોઈ સામાન્ય છત્રી નથી, પણ એક બોલતી છત્રી છે! વળી, તે છત્રી ચિન્ટુ જેવી જ નટખટ પણ હતી.

ચિન્ટુ રસ્તા પર ચાલતો હતો ત્યાં વચ્ચે એક મોટું પાણીનું ખાબોચિયું આવ્યું. ચિન્ટુ ખાબોચિયાની બાજુ પરથી બચીને ચાલવા લાગ્યો, પણ છત્રીએ કહ્યું, ''ના ચિન્ટુભાઈ ના! આમ કોરા-કોરા જવાની મજા ન આવે. આપણે તો છબછબિયાં કરીશું!'' એમ કહીને છત્રી ચિન્ટુના હાથમાંથી છટકી અને સીધી જ પેલા પાણીના ખાબોચિયામાં કૂદી પડી! 'છપાક...!'

પાણીના છાંટા ઊડ્યા. ચિન્ટુનાં કપડાં પણ પલળ્યા. છત્રી જોરજોરથી હસવા લાગી, ''હીહીહીપ હીહીહીપ કેવી મજા આવી ચિન્ટુ!'' ચિન્ટુ પણ હસવા લાગ્યો. તેણે છત્રી પકડી અને તે આગળ ચાલ્યો.

થોડે આગળ જતાં રસ્તામાં ચિન્ટુનો મિત્ર રાજુ મળ્યો. રાજુએ લાલ રંગનો રેઈનકોટ પહેર્યો હતો. છત્રીએ ધીમેથી ચિન્ટુના કાનમાં કહ્યું, ''ચિન્ટુ, ચાલ આપણે તારા મિત્ર સાથે થોડી મસ્તી કરીએ!'' છત્રી અચાનક રાજુની એકદમ સામે ખૂલી અને જોરથી બોલી, ''ભાઉંપ હું છું છત્રી! પીળીપીળી છત્રી!''

આમ બોલતી છત્રીને અચાનક પોતાની સામે આવેલી જોઈ રાજુને કાંઈ સમજાયું નહીં. છત્રી પણ બોલે આ વાત એના માન્યામાં નહોતી આવતી. એને નવાઈ લાગી! છત્રી જોરજોરથી હસવા માંડી, ''હાહાહા! કેમ રાજુ, શું થયું! નવાઈ લાગી ને! હું છું ચિન્ટુની બોલતી છત્રી!'' બંને મિત્રો રસ્તા પર ખૂબ હસ્યા.

ત્યાં જ અચાનક જોરથી પવન ફૂંકાયો. છત્રી ખુશ થઈ ગઈ અને બોલી, ''ચલો ચિન્ટુ, આપણે પવનની સાથે ઊડીએ!'' છત્રી ચિન્ટુને થોડો ઊંચે ખેંચવા લાગી. ચિન્ટુ પણ મજામાં આવી ગયો. રસ્તામાં છત્રીએ એક રમુજી ગીત ગાવાનું શરૂ કર્યું:

હું છું પીળી છત્રી,
મસ્ત મજાની છત્રી,
ખાબોચિયાં કૂદું હું!
પવન સાથે ઊડું હું!

ગીત ગાતાં ગાતાં બંને શાળાએ પહોંચ્યા. શાળાના દરવાજે પહોંચીને ચિન્ટુએ છત્રી બંધ કરી. છત્રીએ ધીમેથી એક મોટું બગાસું ખાધું અને કહ્યું, ''હાશ! હવે હું થાકી ગઈ છું. હું થોડીવાર સૂઈ જાઉં છું. શાળા છૂટે એટલે તું મને જગાડજે, આપણે ઘરે જતાં ફરી નવાં તોફાન કરીશું!''

ચિન્ટુ મલકાયો અને બોલ્યો, ''ચોક્કસ, મારી વહાલી વહાલી નટખટ છત્રી!''

Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ ''ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# અડાલજ ખાતે અન્નપૂર્ણાધામ ટ્રસ્ટ અને સ્વામિનારાયણ મંદિર દ્વારા લેઉવા પાટીદાર સમાજના પ્રતિનિધિઓનું સન્માન કરાયું

અડાજલ,તા.૧૮




અન્નપૂર્ણાધામ ટ્રસ્ટ અને સ્વામિનારાયણ મંદિર, અડાલજ દ્વારા માં અન્નપૂર્ણાના સાનિધ્યમાં ઉત્તર ગુજરાતના ૯ જિલ્લા અને શહેરોના લેઉવા પાટીદાર સમાજના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, સહકારી અગ્રણીઓ, સંગઠન પ્રમુખો, સરપંચો તેમજ મીડિયા ક્ષેત્રના અગ્રણીઓનો સન્માન સમારંભ યોજાયો હતો. રાજ્ય કક્ષાના નાણાં અને પોલીસ હાઉસીંગ મંત્રી કમલેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં દિલીપભાઈ સંઘાણી સહિતના ઉપસ્થિત તમામ મહાનુભાવોનું શાલ ઓઢાડીને તથા માં અન્નપૂર્ણાનો ફોટો અર્પણ કરી સન્માન કરાયું હતું. ટ્રસ્ટના પ્રમુખ નરહરિ અમીને સંસ્થાની વિવિધ સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓ જેવી કે અન્નપૂર્ણા મંદિર, ભોજનાલય, કુમાર છાત્રાલય અને કોમ્યુનિટી હોલ અંગે માહિતી આપી હતી. આ પ્રસંગે નરેન્દ્રસિંહ ચૌહાણ દ્વારા રૂ. ૬૮ લાખનું દાન અને વાર્ષિક રૂ. ૧૧ લાખ આપવાની જાહેરાત કરાઈ હતી. મંત્રી કમલેશભાઈ પટેલે પાટીદાર સમાજના યોગદાનને બિરદાવ્યું હતું અને અંતમાં ચેરમેન રવજીભાઈ વસાણીએ આભારવિધિ કરી હતી.

# અમરેલીના લાઠી રોડ વિસ્તારમાં જરૂરી આધાર પૂરાવા વિના સ્પા ચાલતુ હોવાની સ્થાનિકોની રાવ

**સ્થાનિકોએ તાત્કાલિક પોલીસને જાણ કરી**

અમરેલી,તા.૧૮




અમરેલીના લાઠી રોડ વિસ્તારમાં સ્થાનિક લોકો દ્વારા જનતા રેડ કરવામાં આવી હતી. સ્થાનિકોના જણાવ્યા મુજબ, ભાડા કરાર અન્ય હેતુ માટે કરવામાં આવ્યો હોવા છતાં સ્થળ પર સ્પા ચલાવવામાં આવતો હતો. સ્પા માટે કેરિયા રોડ અયોધ્યા એપાર્ટમેન્ટનું લાયસન્સ દર્શાવી ગેરકાયદેસર રીતે વ્યવસાય ચાલતો હોવાના આક્ષેપ કરવામાં આવ્યા છે. નગરપાલિકા અને સંબંધિત તંત્રના જરૂરી આધાર-પુરાવા વિના સ્પા ચલાવાતો હોવાની પણ ફરિયાદ ઉઠી છે. બહારના રાજ્યની મહિલાઓને બોલાવી તંત્રને જાણ કર્યા વગર કામગીરી થતી હોવાનો આક્ષેપ છે. હિસાબી રજીસ્ટ્રેશન અને બેંક વ્યવહારોની નોંધ વગર કરચોરી થતી હોવાની પણ ચર્ચા છે. તંત્ર દ્વારા સીસીટીવી ફૂટેજ તપાસવામાં આવે તો સમગ્ર હકીકત બહાર આવી શકે તેવી સ્થાનિકોએ માંગ કરી છે.સ્થાનિકોએ આ બાબતે પોલીસને પણ જાણ કરતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી.

# બાબાપુર જવાહર નવોદય વિદ્યાલયમાં ૧૫મી ઓગષ્ટની ઉજવણી


તસવીર : હસમુખ રાવળ

બાબાપુર,તા.૧૮

બાબાપુર નજીક આવેલા જવાહર નવોદય વિદ્યાલયના પટાંગણમાં ૧૫ ઓગષ્ટના રોજ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે આચાર્ય, શિક્ષકો, સ્ટાફ મિત્રો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. શાળાના પટાંગણમાં દેશભક્તિના માહોલ વચ્ચે ઉત્સાહપૂર્વક સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

# ઉનાના સનખડા PHCમાં એક મહિનાથી તબીબની જગ્યા ખાલી

ઉના.૧૮

ઉના તાલુકાના સનખડા ગામે આવેલું પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર છેલ્લા એક મહિનાથી MBBS તબીબ વિના ચાલી રહ્યું છે. સનખડાની ૮ હજારથી વધુ વસ્તી ઉપરાંત આસપાસના ૧૩ ગામોના લોકો સારવાર માટે આ PHC પર નિર્ભર છે. તબીબની બદલી બાદ જગ્યા ખાલી રહેતા દર્દીઓને મુશ્કેલી પડી રહી છે. PHCમાં દરરોજ અંદાજે ૮૦ જેટલી OPD રહેતી હોવાનું જાણવા મળે છે. સામાન્ય બીમારીથી લઈને તાત્કાલિક સારવારની જરૂરિયાત ધરાવતા દર્દીઓને તબીબી સલાહ માટે અન્ય સ્થળે જવું પડે છે. ખાસ કરીને વૃધ્ધો, મહિલાઓ અને બાળકોને વધુ હાલાકી ભોગવવી પડે છે. દર્દીઓએ સનખડા PHCમાં તાત્કાલિક કાયમી MBBS તબીબની નિમણૂક કરવાની માંગ કરી છે. લાંબા સમયથી તબીબની જગ્યા ખાલી રહેતા આરોગ્ય સેવાઓ સામે સવાલો ઊભા થયા છે.

# જસદણના કોઠી ગામે ગુરૂવારે વિનામૂલ્યે દંતયજ્ઞ અને દાંતની બત્રીસીનો કેમ્પ

જસદણ,તા.૧૮

જસદણ તાલુકાના કોઠી ગામે આગામી ૨૦ ઓગષ્ટ, ગુરુવારે સવારે ૯થી બપોરે ૧ વાગ્યા સુધી ખેતલીયા દાદાના મંદિર ખાતે વિનામૂલ્યે દંત ચિકિત્સા અને દાંતની બત્રીસીનો કેમ્પ યોજાશે. વર્ધમાન ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ તથા ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ ફોર હેલ્થ એન્ડ એજ્યુકેશન રાજકોટના સહયોગથી આ કેમ્પનું આયોજન કરાયું છે. કેમ્પમાં દાંત તથા પેઢાના રોગોનું નિદાન કરવામાં આવશે. જરૂરિયાતમંદ દર્દીઓને આયુર્વેદની જાલંધર બંધ વિધિથી ઈન્જેકશન વગર દાંત-દાઢ કાઢી આપવામાં આવશે અને વિનામૂલ્યે દવાઓ અપાશે. વૃધ્ધ દર્દીઓના સ્થળ પર જ માપ લઈ વિનામૂલ્યે દાંતની બત્રીસી બનાવી આપવામાં આવશે. લાભ લેવા મોનિકા ભટ્ટ અથવા જીતુભાઈ પુજારીનો સંપર્ક કરી રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

# ધોરાજી શહેરમાં ૯૯૧ બોટલ વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

**કુંભારવાડા વિસ્તારમાં પોલીસે દરોડો પાડી રૂ.૧.૭૩ લાખનો દારૂ કબજે કર્યો**

ધોરાજી,તા.૧૮

ધોરાજી સીટી પોલીસ સ્ટેશનના ઈ.ચા. પોલીસ ઈન્સ્પેકટર ડો. એમ.એમ. ઠાકોરના માર્ગદર્શન હેઠળ પોલીસે બાતમીના આધારે કુંભારવાડા વિસ્તારમાં રહેતા બોદુભાઈ સલીમભાઈના રહેણાંક મકાનમાં દરોડો પાડ્યો હતો. દરમિયાન પોલીસે વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂની કુલ ૯૯૧ બોટલ મળી આવતા કુલ રૂ.૧,૭૩,૯૪૭નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે આરોપી વિરુધ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આરોપીને ઝડપી પાડવા પોલીસે તપાસ શરૂ કરી છે. આ કાર્યવાહી દરમિયાન એએસઆઈ મહેશભાઈ રાડા, હેડ કોન્સ્ટેબલ વાસુદેવસિંહ જાડેજા સહિતનો પોલીસ સ્ટાફ જોડાયો હતો.

# ચિતલ ખાતે રાજયમંત્રી કૌશિક વેકરીયા અને સાંસદ ભરત સુતરીયાએ નવા નીરના વધામણા કર્યા

અમરેલી, તા. ૧૮



ચિતલ ખાતે નવા નીરના આગમન નિમિત્તે પરંપરાગત રીતે નવા નીરના વધામણા કરવામાં આવ્યા હતા. ઉર્જા અને કાયદો રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયા, સાંસદ ભરતભાઈ સુતરિયા, જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબહેન ચોડવડિયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા તથા જનકભાઈ તળાવિયા સહિતના મહાનુભાવોએ ચિતલ ખાતે ફૂલ અને શ્રીફળ પધરાવી નવા નીરને વધાવ્યા હતા.આ પ્રસંગે પરંપરાગત રીત-રિવાજ મુજબ નવા નીરની પૂજા કરી સૌના જીવનમાં સુખ, શાંતિ અને સમૃધ્ધિ આવે તેવી શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે આગેવાનો, પદાધિકારીઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# તરશિંગડાની માધ્યમિક શાળામાં ૮૦મો સ્વતંત્રતા પર્વ ઉજવાયો

અમરેલી, તા.૧૮




તરશિંગડા ગામની વિનય વિદ્યા મંદિર હાઈસ્કૂલમાં સ્વતંત્રતા પર્વ દિન નિમિત્તે ધ્વજ વંદન અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયા હતા. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ ગીતો, વકતવ્યો, દેશભક્તિ નૃત્યો, પિરામીડ નૃત્ય અને વ્યસનમુક્તિ નાટક વગેરે કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. શાળાના શિક્ષક ડૉ. દિલીપભાઈ મકવાણાએ સ્વતંત્રતા પર્વનું મહત્વ સમજાવ્યું હતું. તેઓએ વિદ્યાર્થીઓ પાસે વ્યસનમુક્તિ અંગેનું રમૂજી નાટક તૈયાર કરાવી રજૂ કર્યું હતુ.ગામના આગેવાન દિનેશભાઈ ગામીએ કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર આપીને અને શાળા તરફથી શૈક્ષણિક કીટ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ તકે ગામના સરપંચ પ્રવિણભાઈ કોદાવલા, આચાર્ય કનકસિંહ ગોહિલ, ગ્રામજનો, વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.


**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ કેસ નં. ૨૧૧/૨૦૨૬

અરજદારશ્રી :- સાંખટ કાળુભાઈ છનાભાઈ
સરનામું :-રે. બાબરકોટ, તા. જાફરાબાદ, જી. અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ચીત્રાસર
તા. જાફરાબાદ, જી. અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના **ચિત્રાસર** ગામના શ્રી **સાંખટ કાળુભાઈ છનાભાઈ** એ તેમના **પુત્ર** નામે **શ્રી ધર્મેશ કાળુભાઈ સાંખટ નો તા. ૧૪/૧૧/૨૦૦૭** નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એન. એલ. મોડાસીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિદ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું, અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.
આજ તારીખ ૦૭ માહે ઓગષ્ટ સને ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખઃ- ૦૭/૦૮/૨૦૨૬**
(કોર્ટનો સિક્કો)
**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ કેસ નં. ૨૦૯/૨૦૨૬

અરજદારશ્રી :-બારૈયા બેબીબેન રણછોડભાઈ
સરનામું :-રે. નાના ખારા જાફરાબાદ, તા. જાફરાબાદ, જી. અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારી
-વ-
ચીફ ઓફિસરશ્રી - નગરપાલીકા જાફરાબાદ
તા. જાફરાબાદ, જી. અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના **જાફરાબાદ** ગામના શ્રી **બારૈયા બેબીબેન રણછોડભાઈ** એ તેમના **પુત્રી** નામે **શ્રી શોભાબેન રણછોડભાઈ બાંભણીયા નો તા. ૧૬/૦૬/૧૯૮૦** નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એન.એલ.મોડાસીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિદ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું, અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.
આજ તારીખ ૦૭ માહે ઓગષ્ટ સને ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખઃ- ૦૭/૦૮/૨૦૨૬**
(કોર્ટનો સિક્કો)
**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ કેસ નં. ૨૦૭/૨૦૨૬

અરજદારશ્રી :- બારૈયા કાળીબેન ભોળાભાઈ
સરનામું :-રે. પીપળીકાંઠા વિસ્તાર જાફરાબાદ, તા. જાફરાબાદ, જી. અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારી
-વ-
ચીફ ઓફિસરશ્રી - નગરપાલીકા જાફરાબાદ
તા. જાફરાબાદ, જી. અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના **જાફરાબાદ** ગામના શ્રી **બારૈયા કાળીબેન ભોળાભાઈ** એ તેમના **ભાઈ** નામે **શ્રી પીઠાભાઈ કલ્યાણભાઈ બાંભણીયા નો તા. ૦૮/૦૫/૧૯૭૭** નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એન. એલ.મોડાસીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિદ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું, અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.
આજ તારીખ ૦૭ માહે ઓગષ્ટ સને ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખઃ- ૦૭/૦૮/૨૦૨૬**
(કોર્ટનો સિક્કો)
**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ કેસ નં. ૨૦૮/૨૦૨૬

અરજદારશ્રી :- જાનુબેન શંકરભાઈ બારૈયા
સરનામું :-રે. સામેકાંઠે જાફરાબાદ, તા. જાફરાબાદ, જી. અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારી
-વ-
ચીફ ઓફિસરશ્રી - નગરપાલીકા જાફરાબાદ
તા. જાફરાબાદ, જી. અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના **જાફરાબાદ** ગામના શ્રી **જાનુબેન શંકરભાઈ બારૈયા** એ તેમના **પુત્રી** નામે **શ્રી હેમુબેન શંકરભાઈ બારૈયા નો તા. ૦૧/૦૧/૧૯૭૬** નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એન. એલ.મોડાસીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિદ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું, અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.
આજ તારીખ ૦૭ માહે ઓગષ્ટ સને ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખઃ- ૦૭/૦૮/૨૦૨૬**
(કોર્ટનો સિક્કો)
**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ કેસ નં. ૨૧૩/૨૦૨૬

અરજદારશ્રી :- બાંભણીયા રાણીબેન શંકરભાઈ
સરનામું :-રે. રામમંદિર પાસે, જાફરાબાદ, તા. જાફરાબાદ, જી. અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારી
-વ-
ચીફ ઓફિસરશ્રી - નગરપાલીકા જાફરાબાદ
તા. જાફરાબાદ, જી. અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના **જાફરાબાદ** ગામના શ્રી **બાંભણીયા રાણીબેન શંકરભાઈ** એ તેમના **પુત્ર** નામે **શ્રી દિનેશ શંકરભાઈ બાંભણીયા નો તા. ૦૫/૦૪/૧૯૮૦** નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એન. એલ. મોડાસીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિદ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું, અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.
આજ તારીખ ૦૭ માહે ઓગષ્ટ સને ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખઃ- ૦૭/૦૮/૨૦૨૬**
(કોર્ટનો સિક્કો)
**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ કેસ નં. ૨૧૨/૨૦૨૬

અરજદારશ્રી :- બાંભણીયા રાણીબેન શંકરભાઈ
સરનામું :-રે. રામમંદિર પાસે, જાફરાબાદ, તા. જાફરાબાદ, જી. અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારી
-વ-
ચીફ ઓફિસરશ્રી - નગરપાલીકા જાફરાબાદ
તા. જાફરાબાદ, જી. અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના **જાફરાબાદ** ગામના શ્રી **બાંભણીયા રાણીબેન શંકરભાઈ** એ તેમના **પુત્ર** નામે **શ્રી ધીરૂ શંકરભાઈ બાંભણીયા નો તા. ૦૧/૦૬/૧૯૭૬** નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એન. એલ. મોડાસીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે.તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિદ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું, અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.
આજ તારીખ ૦૭ માહે ઓગષ્ટ સને ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખઃ- ૦૭/૦૮/૨૦૨૬**
(કોર્ટનો સિક્કો)
**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ કેસ નં. ૨૧૦/૨૦૨૬

અરજદારશ્રી :- બારૈયા કાળીબેન ભોળાભાઈ
સરનામું :-રે. પીપળીકાંઠા વિસ્તાર જાફરાબાદ, તા. જાફરાબાદ, જી. અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારી
-વ-
ચીફ ઓફિસરશ્રી - નગરપાલીકા જાફરાબાદ
તા. જાફરાબાદ, જી. અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના **જાફરાબાદ** ગામના શ્રી **બારૈયા કાળીબેન ભોળાભાઈ** એ તેમના **બહેન** નામે **શ્રી સોનાબેન કલ્યાણભાઈ બાંભણીયા નો તા. ૦૧/૦૧/૧૯૬૩** નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એન. એલ. મોડાસીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિદ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું, અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.
આજ તારીખ ૦૭ માહે ઓગષ્ટ સને ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખઃ- ૦૭/૦૮/૨૦૨૬**
(કોર્ટનો સિક્કો)
**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ કેસ નં. ૧૬૫/૨૦૨૬

અરજદારશ્રી :-ભાણીબેન અમૃતભાઈ બારૈયા
સરનામું :-રે. શિયાળબેટ તા. જાફરાબાદ જી. અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી-શિયાળબેટ
તા. જાફરાબાદ જી. અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના **શિયાળબેટ** ગામના શ્રી **ભાણીબેન અમૃતભાઇ બારૈયા** એ તેમના **પુત્રી** નામે **શ્રી સંધ્યા અમૃતભાઇ બારૈયા નો તા. ૧૯/૦૪/૨૦૦૮** નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ. એન.ખટાણા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઇને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિદ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.
આજ તારીખ. ૦૭ માહે ઓગષ્ટ સને. ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખઃ- ૦૭/૦૮/૨૦૨૬**
(કોર્ટનો સિક્કો)
**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

# ગુજરાત ગેસ દ્વારા સીએનજીના ભાવમાં રૂ. ૩.૭૫નો વધારોઃ નવો ભાવ રૂ. ૮૮.૭૬ થયો

અમદાવાદ,તા.૧૮

મોંઘવારી વચ્ચે ગુજરાત ગેસ કંપનીએ ગ્રાહકોને મોટો ઝટકો આપતા સીએનજીના ભાવમાં પ્રતિ કિલો રૂ. ૩.૭૫નો તોતિંગ વધારો ઝીંક્યો છે. આ વધારા સાથે હવે સીએનજીનો નવો ભાવ રૂ. ૮૮.૭૬ પ્રતિ કિલો પર પહોંચી ગયો છે.




સૌથી ચિંતાજનક બાબત એ છે કે છેલ્લા એક જ મહિનાના ટૂંકા ગાળામાં કંપની દ્વારા આ બીજી વાર ભાવવધારો કરાયો છે. આ નિર્ણયથી રાજ્યના અંદાજે ૩.૩૪ લાખથી વધુ સીએનજી વાહનચાલકો પર સીધો આર્થિક બોજ પડશે.

ખાસ કરીને ઓટો-રિક્ષા ચાલકો અને નાના માલવાહક વાહન માલિકોનો દૈનિક ખર્ચ વધી જતાં આગામી દિવસોમાં રિક્ષા ભાડાં અને લોકલ ટ્રાન્સપોર્ટેશન મોંઘું થવાની પૂરી શક્યતા છે. પેટ્રોલ-ડીઝલના ઊંચા દરોથી બચવા સીએનજી અપનાવનાર સામાન્ય અને મધ્યમ વર્ગ માટે સતત વધતા ભાવ મુશ્કેલી ઊભી કરી રહ્યા છે.

# ઘોઘાના ઉખરલા ગામે જુગાર રમતા લોકોમાં નાસભાગ, કૂવામાં પડતાં ત્રણના મોત

ભાવનગર,તા.૧૮

ભાવનગરના ઘોઘા તાલુકાના ઉખરલા ગામમાં મોડી રાત્રે ગંભીર ઘટના બની હતી. વાડી વિસ્તારમાં ૧૧ લોકો ભેગા થઈ જુગાર રમતા હોવાની માહિતી સામે આવી છે. આ દરમિયાન અચાનક નાસભાગ મચતા ચાર લોકો ભાગ્યા હતા, જેમાંથી ત્રણ લોકો કૂવામાં પડી ગયા હતા. કૂવામાં પડેલા ત્રણેયના મોત નીપજ્યા હતા, જ્યારે એક



વ્યક્તિ કૂવા પાસે લટકી જતા તેનો બચાવ થયો હતો. મૃતકોમાં રાહુલ પોપટભાઈ ચૌહાણ, નિલેશ ડાભી અને અજીતસિંહ સિંધાનો સમાવેશ થાય છે. ઘટનાની જાણ થતાં મૃતકોના પરિવારજનો મોટી સંખ્યામાં સર ટી હોસ્પિટલ પહોંચ્યા હતા. મૃતક અજીતસિંહના પુત્ર કુલદીપસિંહે જણાવ્યું હતું કે, તેમના પિતા સવારે જુગાર રમવા ગયા હતા અને ત્યારબાદ પડી ગયા હતા. તેમણે રેડ પડી હોવાની આશંકા વ્યક્ત કરી હતી. જોકે, વરતેજ પોલીસના PSIએ જણાવ્યું હતું કે, પોલીસ રેડ કરી હોવાની કોઈ બાબત સામે આવી નથી. ત્રણેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# રાજકોટમાં અસ્પષ્ટ કે નંબર પ્લેટ વગરના વાહનોને પેટ્રોલ-ડીઝલ નહીં મળે

રાજકોટ,તા.૧૮



રાજકોટ શહેર પોલીસ કમિશનરે સુરક્ષા અને જાહેર વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને મહત્વપૂર્ણ જાહેરનામું બહાર પાડ્યું છે. હવેથી માન્ય નંબર પ્લેટ વગરના, તૂટેલી, ઢાંકેલી કે ચેડાં કરેલી નંબર પ્લેટ ધરાવતા વાહનોને પેટ્રોલ, ડીઝલ કે સીએનજી મળશે નહીં. ઈ-ચલણથી બચવા તેમજ ગુનાહિત પ્રવૃત્તિઓ રોકવા આ નિર્ણય લેવાયો છે. જોકે, એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ અને માન્ય ટેમ્પરરી નંબર ધરાવતા વાહનોને આ નિયમમાંથી મુક્તિ આપવામાં આવી છે.

# સુરતમાં ડો. હર્ષ પંડ્યા આપઘાત કેસમાં ૪ સિનિયર રેસિડેન્ટ ડોક્ટરો સામે ગુનો નોંધાયો, આરોપીઓ ફરાર

સુરત,તા.૧૮

સુરતમાં ડોક્ટર હર્ષ પંડ્યાના મૃત્યુ મામલે પોલીસ તપાસ વધુ ગંભીર બની છે. મૃતકના પિતાની ફરિયાદના આધારે ચાર સિનિયર રેસિડેન્ટ ડોક્ટરો ડો. નિરાલી વસાવે, ડો. હિના ભૂત, ડો. અનુજ મહેશ્વરી અને ડો. દિક્ષિતા ઘેવરિયા સામે આપઘાતની દુષ્પ્રેરણાનો ગુનો નોંધવામાં આવ્યો છે.



ફરિયાદ મુજબ, મૃતક ડોક્ટરને કાર્યસ્થળે સતત માનસિક દબાણ, ક્ષમતા કરતાં વધુ કામનું ભારણ અને જાહેરમાં અપમાન જેવી હેરાનગતિનો સામનો કરવો પડતો હતો.

કેસ નોંધાયા બાદ ચારેય આરોપી ડોક્ટરો પોલીસ સમક્ષ હાજર ન થતાં તેઓ ફરાર હોવાનું સામે આવ્યું છે. પોલીસે તેમના સંભવિત ઠેકાણાઓ પર શોધખોળ શરૂ કરી છે. પોલીસ હવે હોસ્પિટલના વાતાવરણ, નિવેદનો અને પુરાવાઓના આધારે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી રહી છે.

# ૩૬ કિલો ગાંજા સાથે ઝડપાયેલા દંપતીને પાલનપુર કોર્ટે ૧૪ વર્ષની સજા ફટકારી

બનાસકાંઠા, તા.૧૮




બનાસકાંઠા જિલ્લાના પાલનપુર નજીક કાણોદર વિસ્તારમાંથી વર્ષ ૨૦૨૩માં એસઓજી પોલીસે આશરે ૩૬ કિલો ગાંજાના જથ્થા સાથે એક દંપતીને ઝડપી પાડ્યું હતું. સિધ્ધપુર તરફ ગાંજાની ડિલિવરી કરવા જઈ રહેલા આ દંપતી સામે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદાકીય કાર્યવાહી હાથ ધરાઈ હતી. પાલનપુર કોર્ટે કેસની સુનાવણી પૂર્ણ થતાં બંને આરોપીઓને દોષિત ઠેરવી ૧૪ વર્ષની સખત કેદની સજા ફટકારી છે.

# અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા પાકિસ્તાન ૨૧,૯૦૦ ઓટીપી મોકલનાર સાયબર ઠગાઈ નેટવર્કનો પર્દાફાશ

અમદાવાદ,તા.૧૮

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે રૂ. ૧.૫ કરોડની સાયબર છેતરપિંડીના કેસમાં પશ્ચિમ બંગાળથી ઈમરાન અલી અને ઈન્જામૂલ મૌલાની ધરપકડ કરી છે. તપાસમાં સામે આવ્યું છે કે આરોપીઓ બાયોમેટ્રિક ફિંગરપ્રિન્ટથી ૪,૫૦૦ ડમી સિમકાર્ડ મેળવીને પાકિસ્તાનના



ઈસ્લામાબાદમાં બેઠેલા સાયબર ઠગોને ઓટીપી મોકલતા હતા.

વોટ્સએપ ગ્રુપ દ્વારા એક ઓટીપીના રૂ. ૧૦૦થી ૨૫૦ વસૂલી અત્યાર સુધીમાં ૨૧,૯૦૦ ઓટીપી મોકલાયા હોવાનો દાવો છે. આ નેટવર્ક ચીની માલવેર, 'બોસ સ્કેમ' અને ૧૦ હજાર જેટલા ડિવાઈસ સાથે જોડાયેલું હતું. પોલીસે ચાર સિમ ધરાવતા ખાસ મોબાઈલ સહિતની સામગ્રી કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે. સાયબર ક્રાઈમે લોકોને અજાણી ફાઈલો ડાઉનલોડ ન કરવા અપીલ કરી છે.

# રાજ્યમાં ૭ દિવસ ભારે વરસાદની શક્યતા નહીં : હવામાન વિભાગ

**૧૧૫ તાલુકામાં વરસાદ, ડાંગ-સુરત-નવસારીમાં એક ઈંચથી વધુ વરસ્યો**

અમદાવાદ,તા.૧૮

છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૧૧૫ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં વલસાડના ધરમપુરમાં દોઢ ઈંચથી વધુ વરસાદ પડ્યો હતો. જ્યારે સુરત, નવસારી અને ડાંગના ચાર તાલુકામાં એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. આજે રાજ્યના



કોઈપણ જિલ્લામાં ભારે વરસાદની શક્યતા નથી. જોકે ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. બીજી તરફ રાજ્યના મહત્તમ તાપમાનમાં એક ડિગ્રી સેલ્સિયસનો વધારો નોંધાયો છે. હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ. એ.કે. દાસના જણાવ્યા મુજબ રાજ્યમાં હાલમાં ચાર હવામાન સિસ્ટમ સક્રિય છે, પરંતુ તેમની પ્રવૃત્તિ ઓછી હોવાથી આગામી દિવસોમાં હળવાથી મધ્યમ વરસાદની જ શક્યતા છે. આગામી સાત દિવસ દરમિયાન ભારે વરસાદની કોઈ શક્યતા નથી. હાલ સાયક્લોનિક સર્ક્યુલેશન, મોન્સૂન ટ્રફ, ડિપ્રેશન સહિતની સિસ્ટમ સક્રિય છે. સિઝન દરમિયાન અત્યાર સુધી સરેરાશ ૨૦ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે, જે સામાન્ય કરતા એક ટકા ઓછો છે.

# ચાઈલ્ડ પોર્નોગ્રાફીના નામે 'ડિજિટલ એરેસ્ટ' કરતી ગેંગનો આરોપી આસામથી ઝડપાયો

અમદાવાદ,તા.૧૮

ગુજરાત સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સે દેશભરમાં ચાલતા રૂ. ૧,૦૭૧ કરોડના મોટા સાયબર ફ્રોડ નેટવબર્કનો પર્દાફાશ કરી ૧,૦૯૦ ગુનાઓનો ભેદ ઉકેલ્યો છે. આ કેસમાં આસામથી ૨૫ વર્ષીય બીસીએ ભણેલા રફીકુલ આલમની ધરપકડ કરવામાં આવી છે.

આ ગેંગ સરકારી અધિકારીઓ કે સીબીઆઈનો સ્વાંગ રચી લોકોને ચાઈલ્ડ પોર્નોગ્રાફી અને ગેરકાયદે પ્રવૃત્તિઓના નામે ડરાવી 'ડિજિટલ એરેસ્ટ' કરતી હતી.



ગ્રાહકોને વીડિયો કોલ પર સતત નજર હેઠળ રાખી કેસમાંથી બચાવવાના બહાને કરોડો રૂપિયા પડાવવામાં આવતા હતા. ઠગાઈની રકમ છુપાવવા ૧,૭૫૪ બેંક એકાઉન્ટનો ઉપયોગ કરી માત્ર ૩ કલાકમાં જ નાણાકીય ટ્રાન્ઝેક્શન પૂર્ણ કરી દેવાતા હતા.

# જૂનાગઢમાં ૬ વર્ષની બાળકીને બેફામ માર મારનાર માતા સામે ગૂનો નોંધાયો

જુનાગઢ,તા.૧૮

જૂનાગઢમાં ૬ વર્ષની બાળકી પર તેની જ માતા દ્વારા વેલણ અને વાયર વડે નિર્દયતાથી મારપીટ કરવામાં આવતી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે.



બાળકીના શરીર પર ઈજાના નિશાન જોઈ પાડોશીઓએ સી ડિવિઝન પોલીસને જાણ કરી હતી. પોલીસે સ્થળ પર પહોંચી બાળકીના માતા-પિતા સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બાળકીની સલામતીને પ્રાથમિકતા આપી તેને શિશુમંગલ સંસ્થામાં સુરક્ષિત રાખવામાં આવી છે.

# ૧૭૦૦ વૃક્ષ વાવી ઉછેર કરવાની શરતે બે આરોપીને જામીન આપતી હાઈકોર્ટ

અમદાવાદ,તા.૧૮

ભાવનગર જિલ્લાના પાલિતાણા રેન્જ ફોરેસ્ટ ઓફિસ હેઠળના રાજસ્થળી બીટમાં આશરે ૧૬૯૦ મહાકાય વૃક્ષોનું ગેરકાયદેસર નિકંદન કાઢવાના ચકચારી કેસમાં ગુજરાત હાઈકોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. જેલમાં બંધ ફોરેસ્ટ ગાર્ડ કરશન ગોહિલ અને કલ્પેશ ડાભીની નિયમિત જામીન અરજી



મંજૂર કરવામાં આવી છે. જોકે, હાઈકોર્ટે બંને આરોપીઓને જેલમાંથી મુક્ત થયાના ૧૫ દિવસમાં પોતાના ખર્ચે વ્યક્તિદીઠ ૮૫૦ વૃક્ષો વાવવાની અને સતત ત્રણ વર્ષ સુધી તેનું જતન કરવાની શરત મૂકી છે. બંને સામે લાકડાના કોન્ટ્રાક્ટર સાથે સાંઠગાંઠ કરી રૂ.૨૫ હજારનો લાભ મેળવી વૃક્ષો કપાવવાનો આરોપ છે. ગુનો નોંધાયા બાદ બંને કર્મચારીઓને વન વિભાગે સસ્પેન્ડ કર્યા હતા. આ કેસમાં વન્યજીવોના કુદરતી આવાસને નુકસાન પહોંચાડવાનો પણ આરોપ છે.






# સુરતમાં હોટલમાંથી મંગાવેલુ ભોજન ખાધા બાદ પરિવારને ફૂડ પોઈઝનિંગ

**સારવાર બાદ પાંચ વર્ષીય બાળકીનું મોત, અન્ય સારવારમાં ખસેડાયા**

સુરત,તા.૧૮

સુરતમાં એક જ પરિવારના પાંચ સભ્યોને ફૂડ પોઈઝનિંગની ગંભીર અસર થતાં પાંચ વર્ષીય માસૂમ બાળકી આર્યાનું મોત નીપજ્યું છે. વરાછાની રણુજાધામ સોસાયટીમાં રહેતા અશોકભાઈ કળસરિયાના પરિવારે ૧૫ ઓગષ્ટની રાત્રે શીતલ રેસ્ટોરન્ટમાંથી કાજુ અને પનીરનું શાક મંગાવીને ખાધું હતું. ત્યારબાદ પરોઢિયે પરિવારના સભ્યોને ઊલટી અને પેટમાં દુખાવા સહિતની તકલીફો શરૂ થઈ હતી. શરૂઆતમાં ફેમિલી ડોક્ટર



પાસેથી સારવાર કરાવવામાં આવી હતી, પરંતુ સ્થિતિ વધુ ગંભીર બનતા પરિવારના સભ્યોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન ૧૭ ઓગસ્ટની રાત્રે પાંચ વર્ષીય આર્યાનું મોત થયું હતું. હાલ તેના માતા-પિતા અને બે બહેનો હોસ્પિટલમાં સારવાર હેઠળ છે, જેમાં એક બાળકીની સ્થિતિ ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. પરિવારજનોએ સમગ્ર મામલે રેસ્ટોરન્ટના સીસીટીવી ફૂટેજ તપાસી જવાબદારો સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે.